અદય- ૪૨૩

# રાજયના અનુસૂચિત જનજાતિના
# સરકારી છાત્રાલયો







**અહેવાલ લેખન**

રવીન્દ્ર પંચોળી

ડૉ. નિરંજના પટેલ





**સંપાદન**

ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય







આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ૪૨૩

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

૨૦૦૬-૦૭







અદ્રય - ૪૩૫

# રાજયનાં અનુસૂચિત જનજાતિનાં સરકારી છાત્રાલયો

રવીન્દ્ર પંચોલી
ડૉ. નિરંજના પટેલ

સંપાદન
ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય

**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર** ૪૨૩
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪
૨૦૦૬

# અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિગત | પાના નં. |
|---|---|---|
| | આભાર દર્શન | |
| ૧. | અનુસૂચિત જનજાતિનાં સરકારી છાત્રાલયોઃ પાર્શ્વભૂમિ | ૧ |
| ૨. | છાત્રાલયો : આવશ્યકતા, મહત્વ અને વિકાસ | ૮ |
| ૩ | છાત્રાલયો : વર્તમાન પરિપેક્ષમાં | ૧૪ |
| ૪ | છાત્રાલય : પ્રશ્નો, તારણો અને સૂઝાવો | ૫૨ |
| | પરિશિષ્ટ-૧ | ૬૩ |
| | સંદર્ભસૂચિ | ૬૬ |

# આભાર દર્શન

ભારતની કુલ વસતિમાં આદિવાસીઓની વસતિ ૮,૪૩,૨૬,૨૪૦ એટલે કે ૮.૦૨ ટકા જેટલી છે. જ્યારે ગુજરાતમાં ૨૦૦૧ની વસતિ ગણતરીએ આદિવાસીઓની વસતિ ૭૪,૮૧,૧૬૦ (૧૪.૮૬ ટકા) છે. રાજયના કુલ ૨૫ જિલ્લાઓમાં આદિવાસી વસતિ વધતા-ઓછા પ્રમાણમાં છે અને રાજયમાં ૨૫ આદિવાસી જાતિઓ છે. જેઓ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે ખૂબ જ પાછળ રહી ગયેલ છે. આ માટે મુખ્યત્વે શૈક્ષણિક પછાતપણું જવાબદાર છે. આથી ભારતના બંધારણમાં સામાજિક, આર્થિક પરિવર્તન માટે શિક્ષણને મહત્વનું ગણવામાં આવ્યું છે.

આદિવાસી વિસ્તારમાં શિક્ષણના વિકાસમાં છાત્રાલયોનો ફાળો મહત્વનો રહ્યો છે. છાત્રાલય એ જીવન-ઘડતરની પાયારૂપ સંસ્થા છે. છાત્રાલય દ્વારા એક આદર્શ શિક્ષણ વ્યવસ્થા અસ્તિત્વમાં આવી. પૂ. ગાંધીજીએ ભારતની સંસ્કૃતિનાં મૂળ સુસંસ્કારોને આજનાં સમાજને ઉપયોગી બનાવી સમાજના નીચામાં નીચા સ્થળ સુધી વ્યાપક રીતે પહોંચાડવા ભવ્ય પ્રયત્ન કર્યા અને તેમાંથી જ આદિવાસી વિસ્તારમાં છાત્રાલય પધ્ધતિ શરૂ થઈ. શરૂમાં રચનાત્મક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા છાત્રાલયો શરૂ થયા પરંતુ સ્વતંત્રતા બાદ એક કલ્યાણ રાજય તરીકે રાજયે નબળા વર્ગોની ખાસ જવાબદારી ઉપાડી અને તેમાં એ ધ્યાને આવ્યું કે અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને અભ્યાસમાં આગળ લઈ જવા હશે તો શિક્ષણ સાથે રહેઠાણ વ્યવસ્થા પૂરી પાડવી પડશે અને તો જ તેઓનું શિક્ષણ સ્તર સુધરશે. આ બાબતને બરાબર રીતે સમજી સતત ધ્યાને લેવાય છે અને સરકારશ્રી દ્વારા વધુને વધુ છાત્રાલયો ખોલવામાં આવી રહ્યા છે. પરંતુ આ સાથે આદિવાસી સમાજમાંથી આદિવાસી વિદ્યાર્થીઓમાંથી કયારે-કયારે ગણગણાટ પણ આ વ્યવસ્થા સામે થાય છે ત્યારે કમિશનરશ્રી આદિજાતિ વિકાસને લાગ્યું કે આમ કોઈના કહેવાથી વ્યવસ્થા યોગ્ય છે કે નહિ તેમ ન કહી શકાય, જાણકારી માટે તો કોઈ અભ્યાસ જ થવો જોઈએ અને કમિશનરશ્રીએ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિનાં સામાજિક, આર્થિક તેમજ શૈક્ષણિક ઉત્કર્ષ માટેની ઉચ્ચ શિક્ષણ માટે સરકારી છાત્રાલયનું નિરીક્ષણ અને મૂલ્યાંકનનું કામ વર્ષોથી આદિવાસી ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને તા.૨૯-૮-૨૦૦૫ના પત્રથી સોંપવામાં આવ્યું. એટલું જ નહિ પરંતુ કમિશનરશ્રીએ આ વ્યવસ્થા સાથે સંકળાયેલા અધિકારી/કર્મચારીઓના તાલીમ વર્ગમાં આવી વ્યવસ્થાને વધુ સુદ્રઢ કરવા શું કરી શકાય ? સંશોધનકાર્યમાં પણ જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી છે તેને કયારેક પણ ન ભૂલી શકાય. અમે તેમના ખૂબજ આભારી છીએ. નાયબ કમિશનરશ્રી આદિજાતિ વિકાસ વિભાગ અને છાત્રાલય વ્યવસ્થા સાથે જોડાયેલ સૌ અધિકારીએ જરૂરી માહિતી અને મદદ કરી તે માટે તેમના પણ આભારી છીએ.

આ અભ્યાસની શરૂઆત કરનાર અને તેને પૂરો કરવા સતત માર્ગદર્શન અને દિશા સૂચન આપનાર કેન્દ્રના નિયામક ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાયએ સંશોધનનાં દરેક પાસાંને ઝીણવટપૂર્વક તપાસ્યું હતું. અહેવાલની હસ્તપ્રત ઊંડાણપૂર્વક જોઈ જરૂરી સૂચનો કર્યા અને અભ્યાસને વધુ સમૃધ્ધ અને ઉપયોગી કરવા દિશાદર્શન કરાવ્યું. એ બદલ એમનો પણ આભાર માનીએ છીએ.

અને છેલ્લે અતિ મહત્વનું કે જેમની પાસેથી અભ્યાસ વિષયની માહિતી લેવાની હતી. તેમાં છાત્રાલયનાં વૉર્ડન/લેડી સુપ્રિ. /આસી.લેડી. સુપ્રિ. તેમજ છાત્રો અને છાત્રાલયમાં કામ કરતા સૌ કાર્યકરો તે સૌ માટે પણ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આ અભ્યાસ દ્વારા આદિવાસી વિસ્તારમાં છાત્રાલયનું કેટલું મહત્વ છે તેમજ છાત્રાલયોની કેટલી જરૂરિયાત છે તે જોઈ શકાય છે. અભ્યાસ આધારે બતાવેલ પ્રશ્નો અને તેના ઉકેલો અંગે કંઈ પણ કાર્યવાહી થશે તો છાત્રોને અને છાત્રાલય વ્યવસ્થાને તેમજ આદિવાસી શિક્ષણને જરૂરથી ફાયદો થશે તેમાં શંકા નથી.

- રવીન્દ્ર પંચોલી
- ડૉ. નિરંજના પટેલ

## પ્રકરણ-૧
## અનુસૂચિત જનજાતિનાં સરકારી છાત્રાલયો : પ્રાર્શ્વભૂમિ

**મૂળ પ્રશ્ન :**

ગુજરાતની પાંચ કરોડથી વધુ વસ્તીમાં લગભગ પોણો કરોડ આદિવાસીઓ છે. ૧૫ ટકા વસ્તીનું પ્રમાણ ધરાવતા અને વિભિન્ન જૂથોમાં વહેંચાયેલો આદિવાસી સમાજ રાજ્યની પૂર્વપટ્ટીમાં સદીઓથી સ્થાઈ થયેલો છે. રાજયની આદિવાસી વસ્તી મુખ્યત્વે સાબરકાંઠા, બનાસકાંઠા, દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, વલસાડ, નવસારી તેમજ ડાંગ જિલ્લાઓમાં પથરાયેલી જોવા મળે છે. આદિવાસીઓ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે અન્ય સમાજથી ઘણા પાછળ છે. સામાજિક, આર્થિક પછાતપણા માટે મુખ્યત્વે શૈક્ષણિક પછાતપણું જવાબદાર દેખાય છે. જયાં સુધી આદિવાસી લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધશે નહીં, ત્યાં સુધી તેમનો સામાજિક અને આર્થિક વિકાસ શક્ય નથી  આ એક સત્ય હકીકત છે, એટલે કે છેવાડાના કે આંતરિયાળ વિસ્તારોનાં આદિવાસી લોકોને પૂરતા પ્રમાણમાં શિક્ષણ આપવામાં આવશે ત્યારે જ તેમનો વિકાસ થશે.

આઝાદી પછી દેશનાં નબળા વર્ગોનાં ઉત્થાન માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી, બંધારણની ૪૬મી કલમ સ્પષ્ટપણે જણાવે છે કે “રાજય નબળા વિભાગો અને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓનાં શૈક્ષણિક અને આર્થિક હિત અંગે કાળજી રાખશે”.

ભારત દેશ સ્વતંત્ર થયા પછી આવાં પાછળ રહી ગયેલાં કેટલાંક જૂથોની પ્રગતિ ઝડપી થઈ શકે તે માટે બંધારણમાં ખાસ જોગવાઈઓ થઈ. આમાંના  એક વર્ગને બંધારણમાં અનુસુચિત જાતિ (શિડ્યુલ્ડ કાસ્ટ) અને બીજા વર્ગને અનુસૂચિત જનજાતિ (શિડ્યૂલ્ડ ટ્રાઈબ) તરીકે ઓળખવામાં આવ્યા છે. અનુસૂચિત જનજાતિમાં ‘આદિવાસી’ તરીકે ઓળખાતી તમામ જાતિઓને સમાવી લીધી છે.

સ્વતંત્રતા બાદ આદિવાસીઓનાં કલ્યાણ માટે અનેક બંધારણીય અને વહીવટી પગલાં લેવામાં આવ્યા છે. પંચવર્ષીય યોજનાઓ દ્વારા  તેમનાં વિકાસ માટે ચોક્કસ પ્રકારનું અમલીકરણ કરવામાં આવ્યું છે. રાજય સરકાર મારફત સમયાંતરે અનેકવિધ પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓ અને વિકાસ કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે. મોટાભાગના આદિવાસી કુટુંબો ગરીબીરેખા નીચે જીવન જીવે છે. આદિવાસી વિસ્તારો અને સમુદાયો આર્થિક રીતે પછાત હોઈ તેમનું જીવનધોરણ નીચુ છે. તેમનાં જીવનની ગુણવત્તા સુધરે, તેઓનું શોષણ અટકે અને તેમનામાં શિક્ષણ વધે તેમજ તેમનાં સામાજીક, આર્થિક અને શૈક્ષણિક ઉન્નતિનાં સંદર્ભમાં સરકારે અનેકવિધ કાર્યક્રમો અમલમાં મૂક્યા હોવા છતાં નોંધપાત્ર કહી શકાય કે સંતોષ લઈ શકાય તેવું પરિવર્તન કે પરિણામ લાવી શકાયું નથી.

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિનાં શૈક્ષણિક, સામાજિક તેમજ આર્થિક ઉત્કર્ષ માટેની અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. આ પૈકી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર

દ્વારા આદિજાતિ વસતિમાં શિક્ષણનાં વિકાસ માટે ધો.૮ થી ૧૦ અને ધો.૧૧ અને ૧૨ માટે ગ્રાન્ટ-ઈન-એઈડ પણ છાત્રાલયો સરકારની યોજના હેઠળ કાર્યરત છે. તેવી જ રીતે ઉચ્ચ શિક્ષણ માટે સરકારી છાત્રાલયોની યોજના પણ હાલ કાર્યરત છે. આ છાત્રાલયોનું નિરીક્ષણ કરી અને તેમાં સુધારણા લાવી શકાય તે હેતુસર તેનો અભ્યાસ કરવા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને જણાવાયુ છે.

ભારતનાં બંધારણમાં સામાજિક, આર્થિક પરિવર્તન માટે શિક્ષણને મહત્વનું ગણવામાં આવ્યું છે. આથી જ બાળક ૧૪ વર્ષનું થાય ત્યાં સુધી ફરજિયાત અને મફત શિક્ષણ આપવા રાજ્ય પ્રયત્ન કરશે તેવું બંધારણની કલમ ૨૯, ૩૦, ૪૫ અને ૪૬મી કલમમાં જણાવ્યું છે. રાજ્ય દ્વારા આ બાબતને બહુ જ ગંભીરતાથી લઈ આદિવાસી શિક્ષણ માટે વિવિધ પગલાં અને કાર્યક્રમોનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે.

આદિવાસીઓ બિનઆદિવાસીઓ કરતાં શિક્ષણમાં પાછળ છે. તેઓ શિક્ષણ લેવા પ્રેરાયેલા નથી. રાજ્યમાં આદિજાતિની શૈક્ષણિક પછાતતાને અનુલક્ષી ભૂતકાળમાં આદિવાસી લોકોમાં જાગૃતિ આવે તે માટે શિક્ષણનાં ઘણાં સંનિષ્ઠ પ્રયત્નો થયા હતાં. છેલ્લા ત્રણેક દશકાથી આદિવાસીઓનાં શિક્ષણ ઉપર ખૂબજ ભાર દેવાય છે. અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીની સૂચના અને સીધા નિયંત્રણ હેઠળ સરકારી છાત્રાલય ચલાવવામાં આવે છે.

સરકારી છાત્રાલયો ઘણા લાંબા સમયથી ચાલે છે ત્યારે તેમાં જો કોઈ વહીવટી કે અન્ય મુશ્કેલી હોય તો તેનો ઉકેલ લાવી છાત્રાલય વ્યવસ્થા સારી બને તેવી આદિજાતિ વિકાસ વિભાગની નેમ છે તેથી સરકારી છાત્રાલયોનો સર્વગ્રાહી અભ્યાસ થાય તો જરૂરી ફેરફાર કરી શકાય એ મુખ્ય બાબતને આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીએ કેન્દ્રમાં રાખી છે.

ગુજરાત રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૯-૮-૨૦૦૫ના પત્રથી આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને આદિજાતિ વસતિમાં શિક્ષણનાં વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો હાલ જે કાર્યરત છે એવા સરકારી છાત્રાલયોનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કામ સોંપવામાં આવેલ છે. આ કેન્દ્ર તરફથી ગુજરાત રાજ્યમાં સરકારી છાત્રાલયો ધરાવતા સ્થળો એવા વિજયનગર, ખેડબ્રહ્મા, મોડાસા, હિંમતનગર, વલસાડ, ધરમપુર, પારડી, નવસારી, વાંસદા, ચિખલી, આહવા, વ્યારા, માંડવી, ભરૂચ, રાજપીપળા, ડભોઈ, આણંદ, અમદાવાદ, પાટણ, વડોદરા, છોટાઉદેપુર અને જેતપુર પાવીમાં આવેલ સરકારી છાત્રાલયોની રૂબરૂ મુલાકાત દ્વારા છાત્રાલય વ્યવસ્થા સંબંધી ઊંડાણપૂર્વક સમજ કેળવી, વોર્ડન, આસી.લેડી સુપ્રિન્ટેન્ડન્ટ અને છાત્રોનો સંપર્ક કરી અભ્યાસ આધારિત વિસ્તૃત નોંધ અહીં મૂકી છે.

અમોને એવું લાગે છે કે જે માહિતી મેળવી તેનાં આધારે અનુસુચિત જનજાતિના બાળકોનાં શૈક્ષણિક વિકાસમાં છાત્રાલયનું યોગદાન કેટલું મહત્વનું છે અને છાત્રાલય એ જીવનઘડતર માટે પાયારૂપ હોઈ શિક્ષણને કેન્દ્રમાં રાખી છાત્રાલયનાં વહીવટી માળખામાં શું સુધારા કરી શકાય એ વિશે વર્તમાન સમયમાં અભ્યાસ કરવો માત્ર આવશ્યક જ નહિ પરંતુ અનિવાર્ય જણાય છે.

**તપાસ વિસ્તાર :**

રાજયમાં સઘન આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓમાં ડાંગ, વલસાડ, નવસારી, સુરત, નર્મદા, ભરૂચ,વડોદરા, સાબરકાંઠા, બનાસકાંઠા, દાહોદ અને પંચમહાલમાં સરકારી છાત્રાલયો શરૂ કરેલ છે. આ ઉપરાંત આણંદ, અમદાવાદ, ગાંધીનગર તેમજ પાટણમાં પણ આદિવાસી બાળકો માટે છાત્રાલયો આવેલા છે. છાત્રાલય પસંદગીમાં પૂરેપૂરું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે ધ્યાનમાં રાખ્યું. રાજયમાં હાલ ૫૦ સરકારી છાત્રાલયો છે. આ ૫૦ છાત્રાલયોમાંથી ૩૦ (૬૦.૦૦ ટકા) છાત્રાલયો અભયાસ માટે પસંદ કર્યા અને બાકીનાં ૨૦ (૪૦.૦૦ ટકા) છાત્રાલયોની મુલાકાત દરમયાન નિરીક્ષણ નોંધ લીધી. આ પસંદ કરેલ છાત્રાલયો અને નિરીક્ષણ કરેલ છાત્રાલયોની છાત્રાલય વ્યવસ્થાનાં સંદર્ભમાં કેટલીક મહત્વની બાબતો અહીં રજૂ કરેલ છે.

**છાત્રાલય મૂલ્યાંકનનાં ઉદ્દેશ્યો :**

૧. સરકારે જે આશયોથી છાત્રાલયો ચાલુ કર્યા છે તે આશયો બર આવ્યા છે કે નહિ તે તપાસવું.

૨. છાત્રાલયમાં રહેતા છાત્રોને છાત્રાલયની ઉપલબ્ધ સુવિધાઓથી સંતોષ છે કે કેમ ? તે જોવું.

૩. છાત્રાલયની વર્તમાન પરિસ્થિતિ જાણવી.

૪. છાત્રાલયમાં છાત્રોનાં પ્રમાણમાં રહેઠાણની સગવડ ઉપલબ્ધ છે કેમ ? તે જોવું.

૫. આદિવાસી શિક્ષણમાં છાત્રાલયોનો ફાળો શું છે તે જાણવું.

૬. છાત્રાલયોમાં પાયાની સુવિધાઓ ઉપરાંત રમતગમત, આરોગ્ય અને શિક્ષણ પ્રોત્સાહનનાં પરિબળો અને સગવડતા તપાસવી.

૭. છાત્રાલયોની સમસ્યા અને સંભવીત ઉકેલો વિચારવા.

ઉપરોક્ત મુખ્ય ઉદ્દેશોને નજરમાં રાખી આદિવાસી બાળકોનાં શૈક્ષણિક ઉત્કર્ષ માટે સરકારે છાત્રાલયો શરૂ કર્યા.

**જિલ્લાવાર છાત્રાલયોની સંખ્યા :**

રાજયમાં આદિવાસીનાં શૈક્ષણિક વિકાસ માટે સરકાર તરફથી ૫૦ છાત્રાલયો ચાલે છે. અભ્યાસ માટે પસંદ કરેલ ૩૦ છાત્રાલયોની જિલ્લાવાર સંખ્યા આ પ્રમાણે છે.

## કોઠા નં.૧.૧

## અનુસૂચિત જનજાતિના સરકારી છાત્રાલયો

| અનુ. નં. | જિલ્લો | તાલુકાનું નામ | છાત્રાલયની કુલ સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુલ |
| ૧. | વડોદરા | ૧. વડોદરા | ૧ | ૧ | ૨ |
| | | ૨. ડભોઈ | ૧ | - | ૧ |
| | | ૩. છોટાઉદેપુર | ૧ | ૧ | ૨ |
| | | ૪. પાવીજેતપુર | ૧ | ૧ | ૨ |
| ૨. | સાબરકાંઠા | ૫. મોડાસા | ૧ | ૧ | ૨ |
| | | ૬. હિંમતનગર | - | ૧ | ૧ |
| | | ૭. ભિલોડા | ૧ | - | ૧ |
| | | ૮. વિજયનગર | - | ૧ | ૧ |
| | | ૯. ખેડબ્રહ્મા | ૧ | - | ૧ |
| ૩. | નવસારી | ૧૦. નવસારી | ૧ | ૧ | ૨ |
| | | ૧૧. ચીખલી | - | ૧ | ૧ |
| | | ૧૨. વાંસદા | ૧ | - | ૧ |
| ૪. | વલસાડ | ૧૩. વલસાડ | ૧ | ૧ | ૨ |
| | | ૧૪. ધરમપુર | ૧ | ૧ | ૨ |
| | | ૧૫. પારડી | ૧ | - | ૧ |
| ૫. | ભરૂચ | ૧૬. ભરૂચ | ૧ | ૧ | ૨ |
| ૬. | સુરત | ૧૭. સુરત | ૧ | ૧ | ૨ |
| | | ૧૮. વ્યારા | ૧ | ૧ | ૨ |
| | | ૧૯. માંડવી | ૧ | ૧ | ૨ |
| | | ૨૦. બારડોલી | ૧ | - | ૧ |
| ૭. | આણંદ | ૨૧. આણંદ | ૧ | - | ૧ |
| | | ૨૨. વલ્લભવિદ્યાનગર | - | ૧ | ૧ |
| ૮. | અમદાવાદ | ૨૩. અમદાવાદ | ૧ | ૧ | ૨ |
| ૯. | ગાંધીનગર | ૨૪. ગાંધીનગર | ૧ | ૧ | ૨ |
| ૧૦. | પાટણ | ૨૫. પાટણ | ૧ | - | ૧ |
| ૧૧. | નર્મદા | ૨૬. રાજપીપળા | ૧ | ૧ | ૨ |
| ૧૨. | દાહોદ | ૨૭. ઝાલોદ | ૧ | - | ૧ |
| | | ૨૮. દેવગઢબારીયા | ૧ | - | ૧ |
| | | ૨૯. દાહોદ | ૧ | ૧ | ૨ |
| | | ૩૦. લીમખેડા | - | ૧ | ૧ |
| ૧૩. | ગોધરા | ૩૧. સંતરામપુર | ૧ | ૧ | ૨ |
| ૧૪. | ડાંગ | ૩૨. આહવા | ૧ | ૧ | ૨ |
| ૧૫. | બનાસકાંઠા | ૩૩. અંબાજી | ૧ | - | ૧ |
| | | | ૨૮ | ૨૨ | ૫૦ |

કોઠા નં.૧.૨

અભ્યાસમાં આવરેલ છાત્રાલયો

| ક્રમ | જિલ્લો | તાલુકો (સંખ્યા) | છાત્રાલયની કુલ સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુલ |
| ૧. | વડોદરા | ૪ | ૩ | ૧ | ૪ |
| ૨. | સાબરકાંઠા | ૩ | ૨ | ૧ | ૩ |
| ૩. | નવસારી | ૧ | ૧ | - | ૧ |
| ૪. | વલસાડ | ૨ | ૨ | - | ૨ |
| ૫. | ભરૂચ | ૨ | ૧ | ૧ | ૨ |
| ૬. | સુરત | ૫ | ૩ | ૨ | ૫ |
| ૭. | આણંદ | ૧ | - | ૧ | ૧ |
| ૮. | અમદાવાદ | ૧ | - | ૧ | ૧ |
| ૯. | ગાંધીનગર | ૨ | ૧ | ૧ | ૨ |
| ૧૦. | પાટણ | ૧ | ૧ | - | ૧ |
| ૧૧. | નર્મદા | ૧ | - | ૧ | ૧ |
| ૧૨. | દાહોદ | ૫ | ૩ | ૨ | ૫ |
| ૧૩. | પંચમહાલ | ૨ | ૧ | ૧ | ૨ |
| | **કુલ** | ૩૦ | ૧૮ | ૧૨ | ૩૦ |
| | **ટકા** | | ૬૦.૦૦ | ૪૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠામાં અભ્યાસમાં આવરેલ કુલ ૩૦ છાત્રાલયોની વિગતવાર માહિતી મેળવવા પ્રયત્ન કર્યો. જેમાં ૧૮ (૬૦.૦૦ ટકા) કુમાર અને ૧૨ (૪૦.૦૦ ટકા) કન્યા છાત્રાલયો હતા. આ ઉપરાંત ક્ષેત્રકાર્ય દરમિયાન ૨૦ છાત્રાલયો જોવામાં આવ્યા હતા.

ઉપરોક્ત તપાસ હેઠળનાં ૩૦ છાત્રાલયોની વિગતોથી ખ્યાલ આવે છે કે આદિવાસી વસતિ ધરાવતાં જિલ્લાઓમાં તેમજ બિનઆદિવાસી વિસ્તારમાં આદિવાસી શિક્ષણ ઉત્કર્ષ માટે સરકાર દ્વારા છાત્રાલયો ચાલુ કરવામાં આવ્યા છે.

છાત્રાલયોની પસંદગી કર્યા બાદ અભ્યાસ માટેની જરૂરી માહિતી જુદી જુદી વૈજ્ઞાનિક સંશોધન પ્રવિધિઓ દ્વારા એકઠી કરવા પ્રયત્ન કર્યો હતો.

**માહિતી એકત્ર કરવાની પ્રવિધિઓ.**

**(અ) અનુસૂચિ :**

અનુસૂચિ બે પ્રકારની હતી એકમાં છાત્રાલય સંબંધી માહિતી મેળવી અને બીજી અનુસૂચિ દ્વારા છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓની માહિતી લીધી. છાત્રાલય વ્યવસ્થાનાં સંદર્ભમાં છાત્રાલય અંગેની સામાન્ય માહિતી જેમાં છાત્રાલય શરૂ થયા વર્ષ, ઉપલબ્ધ સવલતોમાં, છાત્રો માટે રહેઠાણ વ્યવસ્થા, ભોજનાલય, ગ્રંથાલય, તબીબી સગવડો અને છાત્રાલયના કર્મચારીઓની માહિતી વગેરે તમામ મુદ્દાને આવરી લઈ એક અનુસૂચિ તૈયાર કરી હતી. જયારે બીજી અનુસૂચિ છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ માટે હતી અને તેમાં વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવી હતી.

**(બ) મુલાકાત :**

છાત્રાલયના કર્મચારીગણ અને વિદ્યાર્થીઓ, પ્રશાસનમાં કામ કરતાં આ વ્યવસ્થા સાથે સંકળાયેલા સરકારી અધિકારીઓની મુલાકાત લઈ છાત્રાલય સંબંધી વિગતો મેળવી હતી.

**(ક) નિરીક્ષણ :**

કેટલીક બાબતો એવી હતી કે જે અનુસૂચિ કે મુલાકાત દ્વારા જાણી ન શકાય તે નિરીક્ષણ દ્વારા મેળવવા પ્રયત્ન કર્યો છે. જેમાં વિદ્યાર્થીઓની રહેઠાણ વ્યવસ્થા, રૂમોની સગવડ, પ્રાથમિક સુવિધાઓ, તબીબી સગવડોની વ્યવસ્થા, છાત્રોને અપાતું ભોજન, છાત્રોની દિનચર્યા તેમજ છાત્રો સાથે વોર્ડન/ આસી.લેડી સુપ્રિન્ટેન્ડન્ટના સંબંધો વગેરે નિરીક્ષણ દ્વારા જાણ્યું.

ઉપરોક્ત સંશોધન પ્રવિધિઓ ઉપરાંત આ અગાઉ થયેલા અભ્યાસો વિષય સંબંધી લેખો જોયા હતા અને તેનો સંદર્ભ તરીકે ઉપયોગ કર્યો હતો.

અગાઉ કોઠામાં આવરેલ ૩૦ છાત્રાલયોની સંખ્યા જોયા બાદ, બાકીના ૨૦ છાત્રાલયોની મુલાકાત લીધી હતી. જેની નિરીક્ષણ પ્રવિધિ દ્વારા અભ્યાસમાં રજૂ કરવા પ્રયત્ન કર્યો છે. છાત્રોનાં શૈક્ષણિક વિકાસ માટે વિષય આનુષાંગિક નોંધ તૈયાર કરી અભ્યાસમાં રજૂ કરવા પ્રયત્ન કર્યો છે.

## કોઠા નં.૧.૩

### મુલાકાત દરમિયાન નિરીક્ષણ કરેલ છાત્રાલયો

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | છાત્રાલયનું નામ |
|---|---|---|---|
| ૧. | વડોદરા | વડોદરા | મીરા કન્યા છાત્રાલય |
| ૨. | વડોદરા | વડોદરા | પૂ.ઠક્કરબાપા કુમાર છાત્રાલય |
| ૩. | વડોદરા | પાવીજેતપુર | સરકારી કન્યા છાત્રાલય |
| ૪. | સાબરકાંઠા | મોડાસા | સરકારી કન્યા છાત્રાલય |
| ૫. | સાબરકાંઠા | વિજયનગર | સરકારી કન્યા છાત્રાલય |
| ૬. | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | સરકારી કુમાર છાત્રાલય |
| ૭. | નવસારી | નવસારી | સરકારી કન્યા છાત્રાલય |
| ૮. | નવસારી | નવસારી | સરકારી કુમાર છાત્રાલય |
| ૯. | નવસારી | ચીખલી | સરકારી કન્યા છાત્રાલય |
| ૧૦. | વલસાડ | પારડી | સરકારી કુમાર છાત્રાલય |
| ૧૧. | વલસાડ | ધરમપુર | સરકારી કન્યા છાત્રાલય |
| ૧૨. | વલસાડ | વલસાડ | સરકારી કન્યા છાત્રાલય |
| ૧૩. | સુરત | સુરત | કસ્તુરબા કન્યા છાત્રાલય |
| ૧૪. | સુરત | બારડોલી | સરકારી કુમાર છાત્રાલય |
| ૧૫. | આણંદ | આણંદ | સરકારી કુમાર છાત્રાલય |
| ૧૬. | અમદાવાદ | અમદાવાદ | સરકારી કુમાર છાત્રાલય |
| ૧૭. | નર્મદા | રાજપીપળા | સરકારી કુમાર છાત્રાલય |
| ૧૮. | ડાંગ | આહવા | સરકારી કુમાર છાત્રાલય |
| ૧૯. | ડાંગ | આહવા | સરકારી કન્યા છાત્રાલય |
| ૨૦. | બનાસકાંઠા | અંબાજી | સરકારી કુમાર છાત્રાલય |

ઉપરોક્ત દર્શાવેલ ૨૦ છાત્રાલયોની મુલાકાત લઈ છાત્રાલય વ્યવસ્થા સંદર્ભમાં વિષય આનુષાંગિક માહિતી એકત્ર કરી છે.




છાત્રાલયની અંદર છાત્ર-છાત્રાઓ



# પ્રકરણ-૨

## છાત્રાલયો : આવશ્યકતા, મહત્વ અને વિકાસ

ગુજરાત માટે અન્ય સમાજની જેમ આદિવાસી સમાજ પણ એક મહત્વનો સમુદાય છે. આદિવાસી સમાજ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે અન્ય સમાજથી ઘણો પછાત છે. આ પછાતતા માટે મુખ્યત્વે શૈક્ષણિક પછાતપણુ જવાબદાર છે, એટલે અગાઉ જણાવ્યા મુજબ તેમનાં વિકાસ માટે સરકારશ્રી દ્વારા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે.

પરંતુ વાસ્તવિકતા એ છે કે બંધારણમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કર્યુ હોવા છતાં અને પછાત વર્ગો માટે ખાસ પ્રકારની આગવી સુવિધાઓ આપવા છતાં એટલું ચોક્કસપણે કહી શકાય કે એવા કેટલાય પછાત વર્ગનાં આદિવાસી સમાજના ભાઈ-બહેનો છે કે જેમણે શાળા જ જોઈ નહિ હોય.

આમ છતાં છેલ્લા ત્રણેક દશકાથી આ વર્ગના શિક્ષણ ઉપર ખૂબ જ ભાર દેવાય છે. ત્યાંની શિક્ષણ સંસ્થાઓ વ્યવસ્થિત ચાલતી ન હોવાથી બહુ સફળ થઈ શકી ન હોવાથી ઉત્તરોત્તર આવા વિસ્તારમાં આશ્રમશાળાઓ માધ્યમિક કક્ષાએ બાળકોને રહેવાની મુશ્કેલી નિવારણ માટે ઉત્તર બુનિયાદી શાળા તેમજ છાત્રાલયોની સંખ્યામાં વધારો થતો જાય છે.

આદિવાસી વિસ્તારમાં શિક્ષણનાં વિકાસમાં આશ્રમશાળા, આદર્શ નિવાસી શાળા તેમજ છાત્રાલયોનો ફાળો અમૂલ્ય છે. આપણે ત્યાં આશ્રમશાળા તેમજ છાત્રાલયોનો ખ્યાલ ઘણો જ જૂનો છે . પ્રાચીનકાળથી કોઈને કોઈ સ્વરૂપે આશ્રમશાળાઓ, છાત્રાલયો ચાલતા હતા. હાલના છાત્રાલયોને જોતાં પહેલાં આની પાર્શ્વભૂમિ કે તબક્કા જાણવા આવશ્યક છે.

**છાત્રાલયોનો ઉદ્‌ભવ અને વિકાસ :**

**ઉદ્‌ભવ :**

છાત્રાલયનો ઈતિહાસ ઘણો જૂનો છે. કાળક્રમે તે જુદા જુદા નામે અને ચડતા-ઉતરતા ક્રમમાં આવવા છતાં આજના તબક્કે તેનું અતિ મહત્વનું પ્રદાન છે.

**૧. પ્રાચીન યુગ :**

પ્રાચીન યુગમાં આશ્રમ પધ્ધતિનો ખૂબ જ પ્રચાર અને પ્રસાર થયેલો હતો. આ પ્રાચીન આશ્રમો જ તે સમયે વિદ્યાનાં મંદિરો હતા. અત્યારની 'રેસીડેન્સીયલ' સ્કૂલો પ્રમાણે તે સમયે વિદ્યાર્થીઓ આશ્રમમાં જ રહેતા અને આશ્રમોમાં જ અભ્યાસ કરતાં. સામાન્ય રીતે ૧૪-૧૬ વર્ષનો છોકરો થાય એટલે તે આવા આશ્રમોમાં શિક્ષણ લેવા જતો. સાધુઓ અને મુનિજનો તેમને શિક્ષણ આપતા તે સમયના આશ્રમો આપણને કુટુંબ સ્વરૂપમાં જોવા મળતા. આચાર્ય પિતા તુલ્ય તો આચાર્યની પત્ની માતા સમાન ગણાતા. ત્યાં વિદ્યાર્થીઓનાં શિક્ષણ માટેનાં વિષયોનુ તથા વ્યવહારિકતાનુ જ્ઞાન અપાતુ. વિદ્યાર્થી અને ગુરૂજનો વચ્ચે પરસ્પર ખૂબ જ હેત રહેતું તેમાં કેટલી વિશેષતાઓ પણ જોવા મળતી. જેમ

કે ગુરૂઓનો વિદ્યાવ્યાસંગ, તેમના જીવનની સાદાઈ, ગુરૂ-શિષ્યનો આધ્યાત્મિક સંબંધ, આજ્ઞાકિતપણુ વગેરે જોવા મળતુ.

આ સમયમા આશ્રમો લોકાશ્રયે અથવા દાનથી ચાલતા હતા. તેમના ઉપર કોઈની દખલગીરી ન હતી. તે સમયે લોકોમાં એવી સમજ હતી કે "દરેક જ્ઞાની પુરુષે બાળકને મફત કેળવણી આપવી એ એનો ધર્મ છે" કોઈ પણ બાળક કેળવણી પ્રાપ્ત કરવાની તક ગુમાવે નહિ એ હેતુ આશ્રમ શિક્ષણનો હતો.

છાત્રાલય પાછળના મૂળભૂત ઉદ્દેશોમાં -

૧. બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન થાય.

૨. વ્યક્તિત્વનો વિકાસ કરવો

૩. સારા નાગરિક અને સામાજિક ફરજોનો ખ્યાલ આપવો

૪. તેમની સંસ્કૃતિ જળવાય તેવું વાતાવરણ ઉભુ કરવું

ટૂંકમાં આ આશ્રમોમાં બાળકો તેમનાં વિદ્યાભ્યાસ માટે જતાં અને મહેનતપૂર્વક અભ્યાસ કરતાં ત્યાં તેમનાં જીવનનું પૂરેપુરુ ઘડતર થતું.

૨. **મધ્યયુગ :**

**(અ) પૂર્વાધ :**

આ સમયે પ્રાચીન આશ્રમો જેવા નહિ, પરંતુ થોડા જુદા પ્રકારની વિદ્યાપીઠો, જેવીકે તક્ષશિલા, નાલંદા, વલ્લભી વિદ્યાપીઠો જેવી જોવા મળે છે. તેમાં જુદી જુદી વિદ્યાઓનો અભ્યાસ કરવામાં આવતો. પરંતુ આ વિદ્યાપીઠો બહુ ન હતી. તેમ છતાં એક-એક વિદ્યાપીઠમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવતાં. આ વિદ્યાર્થીઓ વિદ્યાપીઠમાં રહેતા અને ત્યાં જ અભ્યાસ કરતાં. કેટલાંક તો પરદેશથી પણ આવતા. આ વિદ્યાપીઠો રાજયાશ્રયે ચાલતી. રાજાઓ તેનો મોટાભાગનો ખર્ચ પૂરો પાડતા. આ સમયની વિશેષતાઆમાં ગુરુની વિધ્વતા, ચારિત્ર, હેત અને વિદ્યાર્થીઓમાં અભ્યાસશીલતા, આજ્ઞાંતિક પણુ તેમજ વિદ્યા મેળવવામાં રસ ધરાવતા હતાં.

મધ્યયુગની મધ્ય સ્થિતિમાં વિશેષ પરિવર્તન થયુ ન હતું પરંતુ પરિવર્તનની વિશેષ સ્થિતિ તો મધ્યયુગનાં ઉત્તરાર્ધમાં આવી.

**(બ) ઉત્તરાર્ધ :**

મધ્યયુગની ઉત્તરાર્ધ સ્થિતિમાં આ વિદ્યાપીઠો લુપ્ત થઈ ગઈ. તેનું કારણ એ હતું કે આ સમયે આપણા દેશમાં અનેક આક્રમણકારી પ્રજાઓનું આગમન થઈ ચૂકયુ હતું અને તેમણે ધર્માન્ધતાથી કે દ્વેષથી આ વિદ્યાપીઠોનો નાશ કરવા પ્રયત્ન કર્યો. એવી કેટલીક વિદ્યાપીઠોનો નાશ પણ કર્યો. આ વિદ્યાપીઠોની સાથે સાથે તેમાંના સાહિત્યને પણ તેમણે બાળી મૂકયું / નષ્ટ કરી દીધુ. ત્યાર બાદ બધી વિદ્યાપીઠો ધીરે ધીરે લુપ્ત થતી ગઈ.

આમ આ ગુરુકુળ જ વિવિધ પરિબળોથી પરિક્રમણ પામતું-પામતું બ્રાહ્મણકાળમાં આશ્રમ, બ્રાહ્મણોત્તરકાળમાં ગુરુકુળ, બૌધ્ધકાળમાં વિહાર પછીથી મંદિર, ક્યારેક મઠ, પીઠ, વિદ્યાપીઠ અને એવા બીજા વિવિધ નામો અને સ્વરૂપોથી ઓળખાતા હતા.

**૩. અર્વાચીન યુગ :**

ભારતમાં બ્રિટિશ શાસન દરમયાન રૂઢિગત શિક્ષણ જોવા મળતુ. તેમાં કેવળ 'કારકુની શિક્ષણ' આપતું હતું. ગાંધીજીને પ્રતીતિ થઈ કે આવુ શિક્ષણ નકામું છે. તેથી તેઓએ રાષ્ટ્રને આવશ્યક અને ઉપયોગી એવું શિક્ષણ આપવા રાષ્ટ્રીય કેળવણીનો મુસદ્દો તૈયાર કર્યો. જેમાં તેમણે સ્વાશ્રયી અને સ્વાવલંબી કેળવણીની હિમાયત કરી. એમણે કેળવણીમાં ઉદ્યોગને પણ અક્ષરજ્ઞાન જેટલું જ મહત્વ આપ્યું. એટલું જ નહિ 'ઉદ્યોગ દ્વારા શિક્ષણ' આપવાની વાત રજૂ કરી. એમનાં મત મુજબ કેળવણી સ્વભાષામાં અપાય તેમજ લોકો હોંશે હોંશે એ પ્રક્રિયામાં ભાગીદાર બને અને કંઈક પામી શકે. જુદા જુદા ગ્રામોપયોગી ઉદ્યોગોનો વિકાસ થાય અને કેળવણી આપતી સંસ્થાઓ સ્વાવલંબી બને અને તો જ મફત અને ફરજિયાત (પ્રાથમિક) શિક્ષણ બધાંને પહોંચાડી શકાય.

અંગ્રેજોના આગમનથી અને તેમના હાથમાં રાજય સત્તા આવ્યા પછી તેમના તરફથી શિક્ષણની શરૂઆત અને પ્રચાર શરૂ થયો અને તેમાં જ આશ્રમશાળાનો ઉદ્‌ભવ શક્ય બન્યો.

લોર્ડ મેકોલોએ હિન્દુસ્તાનમાં સ્વદેશી શિક્ષણની જગ્યાએ અંગ્રેજી ભાષા અને અંગ્રેજી ઢબનું શિક્ષણ આપવાની શરૂઆત કરી. આ શિક્ષણનો પ્રચાર થવાથી અંગ્રેજી જાણનારાઓની સંખ્યા વધવા લાગી. શરૂઆતમા તો શહેરોમાં આ શિક્ષણ પધ્ધતિ દાખલ થઈ. પરંતુ ધીરે ધીરે તે ગામડાંઓમાં પણ પ્રવેશી. ગામડાંઓમાં સ્થાનિક સુવિધાઓનાં અભાવને કારણે ત્યાંના વિદ્યાર્થીઓને અગવડમાં મૂકાવું પડ્યું. તેથી અભ્યાસ અર્થે શહેરમાં આવવુ પડે અથવા તો અભ્યાસ છોડી દે.

આ રીતે ગામડાનાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે શહેરમાં આવવા લાગ્યા ત્યારે તેમનાં માટે રહેઠાણનો પ્રશ્ન ઊભો થયો, શરૂઆતમાં પોતાનાં સંબંધીને ત્યાં રહી અભ્યાસ કરવા લાગ્યા. પરંતુ જેમનાં સંબંધીઓ શહેરમાં ન હોય તે વિદ્યાર્થીઓ લોજ અથવા હોટલનો આશરો લેતા, આને છાત્રાલયની શરૂઆતનો તબક્કો ગણી શકાય. પરંતુ હવે તો ધીરે ધીરે સંખ્યામાં વધારો થતાં તેમનાં રહેવા તથા જમવાનો પ્રશ્ન ઊભો થયો. આ પ્રશ્ન હવે સરકારને પણ સ્પર્શ્યો. આથી વિદ્યાર્થીઓ માટે કેટલાંક રહેઠાણ ઊભા થયા. જેમાં કેટલાક સરકાર તરફથી અને બીજા કેટલાક જુદી જુદી જ્ઞાતિઓ તરફથી ઊભા થયા. આ જ્ઞાતિવાર રહેઠાણોનો હેતુ એ હતો કે પોતાની જ્ઞાતિનાં વિદ્યાર્થીઓ આ શિક્ષણનો લાભ લે અને આગળ ભણી શકે.

**છાત્રાલય વિકાસ :** આઝાદી પૂર્વે પછાત,ઊંડા અને જંગલ વિસ્તારમાં રહેતા લોકોનાં કલ્યાણ માટે રાજય ચિંતિત ન હતું. ગાંધીજી અને તેમની વિચારસરણીવાળા રચનાત્મક કાર્યક્રમોમાં કામ કરનાર પૂ. ઠક્કરબાપા હતાં. તેઓએ આ કાર્યક્રમોની સાથે શિક્ષણને સાંકળીને આવા વિસ્તારોમાં આશ્રમી કેળવણીનાં પ્રયોગોમાં આશ્રમશાળા શરૂ કરી. ઠક્કરબાપાની યોજના પ્રમાણે અન્ય સ્થળોએ પણ આશ્રમશાળાઓ

ખોલવામાં આવી. એ પછીનાં સમયમાં મુંબઈ સરકારનાં શિક્ષણ ખાતાએ ૧૯૨૮ માં સ્ટાર્ટ સમિતિ નિમણૂંક કરી. આ સમિતિએ નબળા વર્ગો અને આદિવાસીઓની શૈક્ષણિક, આર્થિક અને સામાજિક સ્થિતિ તપાસીને તેમનાં વિકાસ માટે ભલામણો કરી. તેમણે ઊંડાણવાળા આદિવાસી ગામડાંઓમાં કે જયાં ચાર ધોરણ સુધીની શાળા શક્ય ન હોય ત્યાં તેઓનાં ઘરથી નજીક છાત્રાલયો સાથેની શાળાઓ તેમજ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ માટે ભલામણ કરી. આ છાત્રાલયો ચલાવવાની જવાબદારી બને ત્યાં સુધી સામાજિક સેવા કરતી સંસ્થાઓને સોંપવી અને એ કામ માટે એમને જરૂરી નાણાકીય સહાય કરવી.

આમ ૧૯૨૮માં સ્ટાર્ટ સમિતિ અને ત્યાર બાદ સિમિંગ્ટન સમિતિની ૧૯૩૭માં રચના કરવામાં આવી. આ બન્ને સમિતિઓએ આદિવાસી શિક્ષણ ઉપર ખૂબજ ભાર મૂકયો હતો. ૧૯૫૫માં રેણૂકા રે કમિશનની રચના થઈ અને તેણે આદિવાસી શિક્ષણ ઉપર જ કામ કરી અહેવાલ આપ્યો.

૧૯૮૦માં ધી ઈન્ડિયન એજયુકેશન કમિશને અનુસૂચિત જનજાતિઓમાંથી શિક્ષકો તૈયાર કરવા માટે ભલામણ કરી હતી. આથી કેન્દ્રિય પ્રાથમિક શાળાઓ રચી તેની સાથે સાથે છાત્રાલયો શરૂ કરવામા આવ્યા. ઐતિહાસિક પરિપેક્ષથી જોતાં આપણે ત્યાં છાત્રાલયો ઘણા લાંબા સમયથી શરૂ થયા છે. પરંતુ આ છાત્રાલયો ચલાવવાની જવાબદારી રચનાત્મક કાર્યકરો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ ઉપાડી હતી અને મુખ્યત્વે આ છાત્રાલયો આદિવાસી વિસ્તારના ઊંડાણના ગામોમાં હતા. તેમાં માધ્યમિક શિક્ષણ લેવા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાતો હતો. પરંતુ આ સાથે એવું જોવાયું કે રાજયમાં આદિવાસી શિક્ષણમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે, શિક્ષણનું સ્તર સુધરતું જાય છે. આદિવાસી વિદ્યાર્થીઓને શહેરી કે અર્ધશહેરી વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસઅર્થે આવવું પડે છે. તેથી આ વિસ્તારોમાં છાત્રાલયો શરૂ કરવા જોઈએ અને આ બાબતને નજરમાં રાખી સરકારે પોતાના હસ્તક વહીવટી દેખરેખ નીચે સરકારી છાત્રાલયો શરૂ કર્યા અને તેમાં જેમ જરૂર અને માંગ થતી ગઈ તેમ છાત્રાલયો ખોલવામાં આવી રહ્યા છે. રાજયમાં જુદા જુદા સમયે જે સરકારી છાત્રાલયો શરૂ કરવામાં આવ્યા છે, નીચેની વિગતોથી વધુ જાણકારી આવશે.

સમાજકલ્યાણ દ્વારા સંચાલિત છાત્રાલય યોજનાની ભારતમાં સૌ પ્રથમ શરૂઆત મહારાષ્ટ્રના પૂણેમાં ઈ.સ.૧૯૪૭માં કરવામાં આવી. જયારે ગુજરાતમાં ઘણા સમયથી છાત્રાલયો ચાલે છે. હાલમાં સમગ્ર ગુજરાતમાં આદિજાતિ વિકાસ ખાતા દ્વારા ૨૨ કન્યા છાત્રાલય અને ૨૮ કુમાર છાત્રાલય ચાલે છે. આમ કુલ મળી ૫૦ છાત્રાલયો સરકાર હસ્તક શરૂ થયેલા છે.

આ છાત્રાલયો શરૂ કરવાનો ઉદ્દેશ આદિવાસીઓ શિક્ષિત બને અને આર્થિક વિકાસ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરે. આમ અનુસૂચિત જનજાતિનાં લોકોનાં શૈક્ષણિક પ્રશ્નોનો અસરકારક રીતે ઉકેલ લાવવાનાં હેતુસર સરકારે છાત્રાલયો શરૂ કર્યા. જેમાં અનુસૂચિત જનજાતિનાં બાળકોને મફત રહેવા-જમવાનું તેમજ જરૂરી પાયાની સુવિધાઓ પૂરી પાડી વિકાસલક્ષી માર્ગદર્શન હેઠળ પાયાની તાલીમ આપી શકાય.

છાત્રાલયમાં સૌથી મહત્વની અને પાયાની વાત તેનાં વાતાવરણની છે. જેમાં જીવન ઘડતરની તાલીમ આપવામાં આવે છે. આદિવાસી વિસ્તારમાં આવેલ છાત્રાલયો તેમનાં સમાજ માટે એક પ્રેરક ભૂમિકારૂપે પણ છે. છાત્રાલયમાં રહીને બાળકોનું અભ્યાસની સાથે સાથે ચારિત્ર્ય અને સંસ્કારિતાનું ઘડતર થાય છે.

છાત્રોનાં યોગ્ય ઘડતર માટે વાતાવરણનો ફાળો સવિશેષ હોઈ, છાત્રાલયનું વાતાવરણ રમણીય અને પ્રકૃતિસભર હોવુ આવશ્યક છે.

છાત્રાલય પાસે શિક્ષણ સિવાય ઘણી બધી અપેક્ષાઓ રાખવામાં આવે છે. શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓમાં શ્રમિક, જીવનમાં નિયમિતતા આવે તેમજ સારી ટેવોનુ સિંચન થાય. આ ઉપરાંત પણ બીજા ઘણા ગુણોને વિકસાવવાની તક છાત્રાલય જીવન દરમ્યાન પૂરી પડે છે.

૧. **નિયમિતતા :**

છાત્રાલય જીવનથી વિદ્યાર્થીમાં નિયમિતતાનો ગુણ વિકસે છે. જેમાં સવારે ઉઠવું, સમયની સાથે સાથે પોતાનાં દરેક કામ પતાવવા, શિક્ષણનું કામ કરવું વગેરે કામોમાં નિયમિતતા આવે છે.

૨. **સમૂહ ભાવના :**

છાત્રાલયમાં આવે છે ત્યારે વિદ્યાર્થી સમૂહમાં જોડાય છે. આ વિદ્યાર્થીઓ જુદા જુદા વાતાવરણ, કુટુંબ, ગામ તેમજ જાતિનાં હોય છે. પરંતુ છાત્રાવાસ દરમ્યાન આ બધી બાબતો ગૌણ બની જાય છે અને તેનામાં સમૂહમાં જીવન જીવવાની ભાવના વિકસે છે.

૩. **સ્વાવલંબન :**

છાત્રાલયમાં વિદ્યાર્થીએ પોતાનાં દરેક કામ જાતે કરવાનાં હોય છે. સવારમાં પથારી ઉપાડવી, સફાઈ કરવી, કપડાં ધોવા, ન્હાવું, ભોજન કરી વાસણ સાફ કરવા અને રાત્રે પોતાની પથારી પાથરવી વગેરે બાબતોમાં સ્વાવલંબનની ભાવના વિકસે છે.

૪. **સ્વચ્છતા :**

છાત્રાલયમાં વિદ્યાર્થી દેખાદેખી કે નિયમને લીધે સ્વચ્છતા કેળવતો થાય છે. પોતે ન્હાઈ ધોઈને સ્વચ્છ રહેશે, સ્વચ્છ કપડાં પહેરશે. માથામાં તેલ નાખશે, પોતાની બેસવાની જગ્યા બરાબર સાફ રાખશે. આમ દરેક બાબતોમાં સ્વચ્છ રીતે રહેવાનો પ્રયત્ન કરે છે.

૫. **નેતા તરીકે :**

છાત્રાલયમાં દરેક પ્રવૃત્તિ સાથે જ કરવાની હોઈ વોર્ડન / આસી. લેડી સુપ્રિન્ટેન્ડન્ટ વિવિધ સમિતિઓ બનાવે છે. જેનાં નેતા તરીકે છાત્ર જ હોય છે. છાત્રોમાંથી જ રસોડા મંત્રી,સફાઈ મંત્રી, ભોજન ટૂકડીનાં મંત્રી, આરોગ્ય મંત્રી તેમજ સ્વાગત સમિતિનાં મંત્રી વગેરે હોય છે. આ મંત્રીઓ જુદી જુદી સમિતિમાં વખતોવખત બદલાય છે. આ રીતે દરેક કામોની જાણકારી થાય છે અને તેનામાં નેતા તરીકેનાં ગુણ વિકસે છે.

૬. **વાંચન :**

છાત્રાલયમાં વિવિધ પ્રકારનાં સામયિકો, વર્તમાનપત્રો તેમજ અન્ય સાહિત્ય આવે છે. આ બધુ વાંચવા વિદ્યાર્થી પ્રેરાય છે. આ વાંચન ઉપરાંત પોતાના અભ્યાસ સંબંધિત વાંચન તરફની અભિરુચી તેનામાં ખીલે છે.

**૭. સહઅભ્યાસ પ્રવૃત્તિઓ :**

છાત્રાલયમાં અભ્યાસ ઉપરાંત પણ અન્ય વિવિધ પ્રવૃત્તિઓ થાય છે. જેમકે સમૂહ પ્રાર્થના, સમૂહ સફાઈ, મહેમાનોનાં પ્રવચનો, નૃત્ય, સંગીત, રાસ-ગરબા, રમતોત્સવ વગેરે આ બધું જીવન વિકાસ માટે અતિ ઉપયોગી છે.

**૮. હરિફાઈ :**

છાત્રાલયમાં વિદ્યાર્થી પોતાની વ્યક્તિલક્ષી બાબતો જેવી કે સ્વચ્છતા, વાંચન, રમતગમત, સંગીત, નૃત્ય વગેરેમાં અન્ય વિદ્યાર્થીની આગળ જવા માટે પ્રયત્નો કરે છે.

**૯. ટેવોનું ઘડતર :**

ઉપરોક્ત દર્શાવેલ બાબતોને ધ્યાનમાં લઈને છાત્રાલયમાં જુદી જુદી ટેવોનું ઘડતર થાય છે. છાત્રાલયની જે કંઈ વ્યવસ્થા કે નિયમો હોય તે વખત જતાં વિદ્યાર્થી માટે ટેવમાં પરિણમે છે. જે તેનાં જીવન વિકાસ માટે ખૂબજ ઉપયોગી બને છે.

**૧૦. સમૂહ પ્રાર્થના :**

સમૂહ પ્રાર્થનાનો સમય સવારનો રાખવામાં આવે છે. સવારે સ્નાનાદી કાર્ય પતાવી સ્વચ્છ થયા બાદ શાંત ચિત્તે સમૂહ પ્રાર્થના શરૂ કરવામાં આવે છે. પ્રાર્થનામાં સર્વધર્મ સમભાવની પ્રાર્થના ગાવામાં આવતી હોય છે. તેનાથી એક પ્રકારનું પવિત્ર અને આધ્યાત્મિક વાતાવરણ ઉભુ થાય છે. સમૂહ પ્રાર્થનાથી વિદ્યાર્થીઓમાં સર્વધર્મ સમભાવનાના ગુણો, આધ્યાત્મિકતા તેમજ અસ્મિતાનો વિકાસ થાય છે અને સાથે સાથે એકતાની ભાવના વિકસે છે.

**૧૧. સહકાર :**

સમૂહ પ્રાર્થના, સમૂહ ભોજન, સહઅભ્યાસ પ્રવૃત્તિ, ટૂકડીકાર્ય, રમત ગમત તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો સમૂહ સફાઈ જેવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય છે. આવા પ્રકારનાં કાર્યક્રમોનાં આયોજનથી બાળકો એકબીજા પાસેથી ઘણુબધું શીખતાં હોય છે અને એકબીજાથી નજીક આવતા હોઈ તેમનામાં સહકારની ભાવના વિકસે છે.

આમ છાત્રાલયમાં રહેતા બાળકોમાં ઔપચારિક અને અનૌપચારિક શૈક્ષણિક વિકાસ થાય તેવી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં એકતાનાં ગુણો પણ વિકસે છે.



ભોજનખંડમાં ભોજન
લેતા છાત્ર-છાત્રાઓ



## પ્રકરણ-૩

## છાત્રાલયો : વર્તમાન પરિપેક્ષમાં

રાજયમાં આદિજાતિની શૈક્ષણિક પછાતતાને અનુલક્ષીને ભૂતકાળમાં આદિવાસી શિક્ષણના ઘણાં ઘનિષ્ઠ પ્રયત્નો થયા હતા. આદિવાસીઓ બિનઆદિવાસીઓ કરતાં શિક્ષણમાં પાછળ છે. આદિવાસી સમાજમાં શૈક્ષણિક પછાતતાનું મુખ્ય કારણ એ છે કે આદિવાસી વસતિનો મોટો ભાગ જંગલ કે પહાડી વિસ્તારમાં વસે છે. તેથી ત્યાં પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડી શકાતી નથી, એટલે આદિવાસી વિસ્તારમાં શાળાઓ સ્થાપવી અને તેમનામાં શિક્ષણ માટેનાં વલણો ઉભા કરવાનું નક્કી થયું અને એ રીતે સરકારશ્રીની સીધી દેખરેખ નીચે છાત્રાલયો શરૂ કરવામાં આવ્યા.

આદિવાસી સમાજનાં બાળકોને સમાજનાં વાતાવરણમાંથી બહાર કાઢવાનું, સમુહજીવન સાથે કેળવણી તેમજ શિક્ષણ વિકાસમાં છાત્રાલયોનો મુખ્ય ફાળો છે. સ્વતંત્રતા બાદ રાજય સરકાર એ વાત બરાબર સમજતી હતી કે આદિવાસીઓનો સર્વાંગી વિકાસ કરવો હશે તો પ્રથમ શિક્ષણનું સ્તર સુધારવું પડશે અને શિક્ષણ એટલે માત્ર ચાર દિવાલોનું નહિ પણ શ્રમ અને સંસ્કારનું સિંચન થવું જરૂરી છે. તેથી તેમની સંસ્કૃતિને ધ્યાનમાં રાખી સરકારે રચનાત્મક કામોની સાથે શિક્ષણને સાંકળી (તેમનાં વિસ્તારોમાં) છાત્રાલયો શરૂ કર્યા.

છાત્રાલયમાં સૌથી મહત્વની અને પાયાની વાત વાતાવરણની છે. છાત્રાલયમાં રહેવાથી છાત્રોનું ચારિત્ર્ય ઘડતર અને જીવન ઘડતર થાય છે. છાત્રાલયનાં પ્રકૃતિસભરભર્યા વાતાવરણથી છાત્રાોને પ્રેરણા મળે છે. છાત્રાલય માટે આદરભાવના કેળવાય તેવું આદર્શ છાત્રાલય તેમનાં સર્વાંગી વિકાસ માટે આવશ્યક છે.

૧૯૩૭-૩૮માં પંચમહાલ જિલાનાં જેસાવાડા ગામે પ્રથમ છાત્રાલયની શરૂઆત પૂ.ઠક્કરબાપાએ ભીલ સેવા મંડળના નેજા હેઠળ કરી. આઝાદી પૂર્વે પંચમહાલ, સુરત, વલસાડ અને વડોદરા જિલ્લામાં તેમજ આઝાદીબાદ સાબરકાંઠા, બનાસકાંઠા અને ડાંગ જિલ્લામાં છાત્રાલયો શરૂ કર્યા. કાળક્રમે તેનો વિકાસ થતો રહ્યો.

અગાઉ જણાવ્યા મુજબ સમાજ કલ્યાણ દ્વારા સંચાલિત છાત્રાલય યોજનાની સૌ પ્રથમ શરૂઆત મહારાષ્ટ્રનાં પૂણેમાં ઈ.સ.૧૯૪૭માં શરૂ કરવામાં આવી. જયારે અનુસૂચિત જનજાતિ માટેનું પ્રથમ છાત્રાલય ૧૯૬૫-૬૬માં વડોદરા ખાતે પૂજય ઠક્કરબાપા કુમાર છાત્રાલય નામથી શરૂ કરવામાં આવ્યું.•

હાલમાં આદિવાસીઓનાં શૈક્ષણિક વિકાસ માટે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ૨૨ કન્યા છાત્રાલયો અને ૨૮ કુમાર છાત્રાલયો મળી ૫૦ છાત્રાલયો ચાલે છે. જેમાંથી અભ્યાસ માટે ૩૦ (૬૦.૦૦ ટકા) છાત્રાલયોની માહિતી મેળવી, જયારે બાકીનાં ૨૦ (૪૦.૦૦ ટકા) છાત્રાલયોની મુલાકાત દ્વારા નિરીક્ષણ નોંધ કરાયેલ છે.

---

• સરકારી કન્યા છાત્રાલયમાં વિવિધ વિકાસાત્મક પ્રવૃત્તિઓનો અહેવાલ, કલ્પના ઠાકુર (આસી.લેડી.સુપ્રિન્ટેન્ડન્ટ) અનુ.જનજાતિ સરકારી છાત્રાલય, હિંમતનગર, ૨૦૦૨.

## કોઠા નં.૩.૧

## અનુસૂચિત જનજાતિના સરકારી છાત્રાલયો

| અનુ. નં. | જિલ્લો | તાલુકાનું નામ | છાત્રાલયની કુલ સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુલ |
| ૧. | વડોદરા | ૧. વડોદરા | ૧ | ૧ | ૨ |
| | | ૨. ડભોઈ | ૧ | - | ૧ |
| | | ૩. છોટાઉદેપુર | ૧ | ૧ | ૨ |
| | | ૪. પાવીજેતપુર | ૧ | ૧ | ૨ |
| ૨. | સાબરકાંઠા | ૫. મોડાસા | ૧ | ૧ | ૨ |
| | | ૬. હિંમતનગર | - | ૧ | ૧ |
| | | ૭. ભિલોડા | ૧ | - | ૧ |
| | | ૮. વિજયનગર | - | ૧ | ૧ |
| | | ૯. ખેડબ્રહ્મા | ૧ | - | ૧ |
| ૩. | નવસારી | ૧૦. નવસારી | ૧ | ૧ | ૨ |
| | | ૧૧. ચીખલી | - | ૧ | ૧ |
| | | ૧૨. વાંસદા | ૧ | - | ૧ |
| ૪. | વલસાડ | ૧૩. વલસાડ | ૧ | ૧ | ૨ |
| | | ૧૪. ધરમપુર | ૧ | ૧ | ૨ |
| | | ૧૫. પારડી | ૧ | - | ૧ |
| ૫. | ભરૂચ | ૧૬. ભરૂચ | ૧ | ૧ | ૨ |
| ૬. | સુરત | ૧૭. સુરત | ૧ | ૧ | ૨ |
| | | ૧૮. વ્યારા | ૧ | ૧ | ૨ |
| | | ૧૯. માંડવી | ૧ | ૧ | ૨ |
| | | ૨૦. બારડોલી | ૧ | - | ૧ |
| ૭. | આણંદ | ૨૧. આણંદ | ૧ | - | ૧ |
| | | ૨૨. વલ્લભવિદ્યાનગર | - | ૧ | ૧ |
| ૮. | અમદાવાદ | ૨૩. અમદાવાદ | ૧ | ૧ | ૨ |
| ૯. | ગાંધીનગર | ૨૪. ગાંધીનગર | ૧ | ૧ | ૨ |
| ૧૦. | પાટણ | ૨૫. પાટણ | ૧ | - | ૧ |
| ૧૧. | નર્મદા | ૨૬. રાજપીપળા | ૧ | ૧ | ૨ |
| ૧૨. | દાહોદ | ૨૭. ઝાલોદ | ૧ | - | ૧ |
| | | ૨૮. દેવગઢબારીયા | ૧ | - | ૧ |
| | | ૨૯. દાહોદ | ૧ | ૧ | ૨ |
| | | ૩૦. લીમખેડા | - | ૧ | ૧ |
| ૧૩. | ગોધરા | ૩૧. સંતરામપુર | ૧ | ૧ | ૨ |
| ૧૪. | ડાંગ | ૩૨. આહવા | ૧ | ૧ | ૨ |
| ૧૫. | બનાસકાંઠા | ૩૩. અંબાજી | ૧ | - | ૧ |
| | | | ૨૮ | ૨૨ | ૫૦ |

કન્યા છાત્રાલય
આહવા





કન્યા છાત્રાલય
નવસારી

કન્યા છાત્રાલય
રાજપીપળા



અભ્યાસમાં આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓમાં શરૂ કરવામાં આવેલ આદિવાસી સરકારી છાત્રાલયોની વર્ષવાર માન્ય સંખ્યા અને શરૂ કરવામાં આવેલ છાત્રાલયની સંખ્યા નીચે મુજબ છે.

**કોઠા નં.૩.૨**

**અભ્યાસમાં આવરેલ છાત્રાલયોની વર્ષવાર સ્થિતિ**

| ક્રમ | વર્ષ/સમયગાળો | મંજૂર થયેલ સંખ્યા | શરૂ થયેલ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૧૯૭૫ પહેલાં | - | ૧ |
| ૨. | ૧૯૭૯-૧૯૮૩ | ૮ | ૭ |
| ૩. | ૧૯૮૪ - ૧૯૮૮ | ૮ | ૮ |
| ૪. | ૧૯૮૯ - ૧૯૯૩ | ૩ | ૩ |
| ૫. | ૧૯૯૪ - ૧૯૯૮ | ૭ | ૭ |
| ૬. | ૧૯૯૯ - ૨૦૦૩ | ૧ | ૧ |
| ૭. | ૨૦૦૪ - | - | - |
| ૮. | અપ્રાપ્ય | ૩ | ૩ |
| | કુલ | ૩૦ | ૩૦ |

અભ્યાસમાં આવરેલ છાત્રાલયોની શરૂઆત અને વિકાસને જાણવા સારું પાંચ-પાંચ વર્ષમાં છાત્રાલયની સંખ્યામાં કેટલી વધ-ઘટ થઈ તે જાણવા પ્રયત્ન કર્યો છે.

અભ્યાસના મોટાભાગનાં છાત્રાલયો જે વર્ષે મંજૂર થયા હતા તે વર્ષનાં સમયગાળા દરમિયાન શરૂ કરવામાં આવ્યા હતા.

છાત્રાલયોની સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે. તમામ ઉચ્ચ શિક્ષણ લેતા આદિવાસી વિસ્તાર/ સમાજ સુધી છાત્રાલય વ્યવસ્થા પહોંચાડી શકાય તે બાબતને રાજય સરકારે અગ્રિમતા આપી છે.

સર્વેક્ષિત છાત્રાલયોની વિગતો નીચે મુજબ દર્શાવેલ છે.

**કુમાર અને કન્યા છાત્રાલયોની સંખ્યા :**

છાત્રાલયોની વર્ષવાર સ્થિતિ જોયા બાદ અભ્યાસમાં આવરેલ છાત્રાલયોમાં કુમાર અને કન્યા પ્રમાણે ચાલતા છાત્રાલયોની જિલ્લાવાર સંખ્યા કેટલી છે તેની વિગત નીચેના કોઠામાં આપી છે.

કોઠા નં.૩.૩

**સર્વેક્ષિત (કુમાર, કન્યા પ્રમાણે ચાલતા) છાત્રાલયોની વિગત**

| ક્રમ | જિલ્લો | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | વડોદરા | ૩ | ૧ | ૪ |
| ૨. | સાબરકાંઠા | ૨ | ૧ | ૩ |
| ૩. | નવસારી | ૧ | - | ૧ |
| ૪. | વલસાડ | ૨ | - | ૨ |
| ૫. | ભરૂચ | ૧ | ૧ | ૨ |
| ૬. | સુરત | ૩ | ૨ | ૫ |
| ૭. | આણંદ | - | ૧ | ૧ |
| ૮. | અમદાવાદ | - | ૧ | ૧ |
| ૯. | ગાંધીનગર | ૧ | ૧ | ૨ |
| ૧૦. | પાટણ | ૧ | - | ૧ |
| ૧૧. | નર્મદા | - | ૧ | ૧ |
| ૧૨. | દાહોદ | ૩ | ૨ | ૫ |
| ૧૩. | પંચમહાલ | ૧ | ૧ | ૨ |
| | કુલ | ૧૮ | ૧૨ | ૩૦ |
| | ટકા | ૬૦.૦૦ | ૪૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી જણાય છે કે અભ્યાસ હેઠળનાં કુલ ૩૦ છાત્રાલયો પૈકી ૧૮ (૬૦.૦૦ ટકા) કુમાર છાત્રાલયો અને ૧૨ (૪૦.૦૦ ટકા) કન્યા છાત્રાલયો છે. કુમાર છાત્રાલયોની વધુ સંખ્યા વડોદરા, સુરત અને દાહોદ જિલ્લામાં છે, જયારે કન્યા છાત્રાલયની વધુ સંખ્યા સુરત અને દાહોદ જિલ્લામાં જોવા મળી છે. વલસાડ, ભરૂચ, ગાંધીનગર અને પંચમહાલ, જિલ્લામાં કુમાર અને કન્યાના છાત્રાલયો સંખ્યાની દૃષ્ટિએ સપ્રમાણ છે.

ઉપરોક્ત સંખ્યા એ હકીકતનો નિર્દેશ કરે છે કે આદિવાસી વિસ્તાર, વસતિ અને શિક્ષણને ધ્યાનમાં રાખી જરૂરિયાત મુજબ છાત્રાલયો શરૂ કરવામાં આવ્યા છે.

**છાત્રાલયોમાં છાત્રોની સંખ્યા :**

અગાઉ કુમાર અને કન્યા છાત્રાલયોની માહિતી મેળવ્યા બાદ અભ્યાસ હેઠળનાં સરકારી છાત્રાલયોમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા છાત્રોની સંખ્યા નીચે દર્શાવેલ કોઠા નં.૩.૪માં જાણવા પ્રયત્ન કરીશું.

## કોઠા નં.૩.૪
## છાત્રોની સંખ્યા

| ક્રમ | જિલ્લો | તાલુકો | છાત્રાલય | | | માન્ય સંખ્યા | | | હાલની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧. | વડોદરા | છોટાઉદેપુર | ૧ | ૧ | ૨ | ૯૫ | ૧૧૫ | ૨૧૦ | ૯૪ | ૧૦૫ | ૧૯૯ |
| | | પાવીજેતપુર | ૧ | - | ૧ | ૮૦ | - | ૮૦ | ૬૨ | - | ૬૨ |
| | | ડભોઈ | ૧ | - | ૧ | ૧૧૦ | - | ૧૧૦ | ૯૧ | - | ૯૧ |
| | | | | | | ૨૮૫ | ૧૧૫ | ૪૦૦ | - | - | ૩૫૨ |
| ૨. | સાબરકાંઠા | ભિલોડા | ૧ | - | ૧ | ૫૦ | - | ૫૦ | ૩૮ | - | ૩૮ |
| | | હિંમતનગર | - | ૧ | ૧ | - | ૯૫ | ૯૫ | - | ૭૨ | ૭૨ |
| | | મોડાસા | ૧ | - | ૧ | ૫૦ | - | ૫૦ | ૩૨ | - | ૩૨ |
| | | | | | | ૧૦૦ | ૯૫ | ૧૯૫ | ૭૦ | ૭૨ | ૧૪૨ |
| ૩. | નવસારી | વાંસદા | ૧ | - | ૧ | ૬૦ | - | ૬૦ | ૬૦ | - | ૬૦ |
| ૪. | વલસાડ | ધરમપુર | ૧ | - | ૧ | ૧૦૦ | - | ૧૦૦ | ૧૦૦ | - | ૧૦૦ |
| | | વલસાડ | ૧ | - | ૧ | ૨૫૦ | - | ૨૫૦ | ૨૧૭ | - | ૨૧૭ |
| | | | | | | ૩૫૦ | | ૩૫૦ | ૩૧૭ | - | ૩૧૭ |
| ૫. | ભરૂચ | ભરૂચ | ૧ | ૧ | ૨ | ૧૦૫ | ૯૦ | ૧૯૫ | ૯૮ | ૫૫ | ૧૫૩ |
| ૬. | સુરત | માંડવી | ૧ | ૧ | ૨ | ૧૨૦ | ૧૨૦ | ૨૪૦ | ૧૨૦ | ૧૧૨ | ૨૩૨ |
| | | વ્યારા | ૧ | ૧ | ૨ | ૧૪૫ | ૧૧૦ | ૨૫૫ | ૧૪૫ | ૧૧૦ | ૨૫૫ |
| | | ચોર્યાસી | ૧ | - | ૧ | ૧૬૦ | - | ૧૬૦ | ૧૬૦ | - | ૧૬૦ |
| | | | | | | ૪૨૫ | ૨૩૦ | ૬૫૫ | ૪૨૫ | ૨૨૨ | ૬૪૭ |
| ૭. | આણંદ | આણંદ | ૧ | ૧ | - | - | ૮૦ | ૮૦ | - | ૮૦ | ૮૦ |
| ૮. | અમદાવાદ | અમદાવાદ | - | ૧ | ૧ | - | ૮૦ | ૮૦ | - | ૭૦ | ૭૦ |
| ૯. | ગાંધીનગર | ગાંધીનગર | ૧ | ૧ | ૨ | ૧૫૦ | ૬૫ | ૨૧૫ | ૧૪૯ | ૪૪ | ૧૯૩ |
| ૧૦ | પાટણ | પાટણ | ૧ | - | ૧ | ૭૦ | - | ૭૦ | ૪૩ | - | ૪૩ |
| ૧૧. | નર્મદા | રાજપીપળા | - | ૧ | ૧ | - | ૮૫ | ૮૫ | - | ૭૮ | ૭૮ |
| ૧૨. | દાહોદ | ઝાલોદ | ૧ | - | ૧ | ૫૦ | - | ૫૦ | ૨૮ | - | ૨૮ |
| | | લીમખેડા | - | ૧ | ૧ | - | ૫૦ | ૫૦ | - | ૩૭ | ૩૭ |
| | | દાહોદ | ૧ | ૧ | ૨ | ૧૦૫ | ૮૦ | ૧૮૫ | ૧૦૫ | ૭૦ | ૧૭૫ |
| | | દે.બારીયા | ૧ | - | ૧ | ૭૫ | - | ૭૫ | ૬૬ | - | ૬૬ |
| | | | | | | ૨૩૦ | ૧૩૦ | ૩૬૦ | ૧૯૯ | ૧૦૭ | ૩૦૬ |
| ૧૩. | પંચમહાલ | સંતરામપુર | ૧ | ૧ | ૨ | ૫૦ | ૫૦ | ૧૦૦ | ૪૭ | ૫૦ | ૯૭ |
| | કુલ | | ૧૮ | ૧૨ | ૩૦ | ૧૮૨૫ | ૧૦૨૦ | ૨૮૪૫ | ૧૬૫૫ | ૮૮૩ | ૨૫૩૮ |
| | ટકા | | | | | ૬૪.૧૪ | ૩૫.૮૬ | ૧૦૦.૦૦ | ૬૨.૨૦ | ૩૪.૮૦ | ૧૦૦.૦૦ |

અભ્યાસમાં આવરેલ ૩૦ છાત્રાલયોમાં માન્ય સંખ્યા જોતાં કુલ છાત્રોની માન્ય સંખ્યા ૨,૮૪૫ હતી. જેમાંથી હાલ ૨,૫૩૮ છાત્રો છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે. કુમાર-કન્યા પ્રમાણે જોતાં કુમારોની માન્ય સંખ્યા ૧,૮૨૫ હતી અને તેની સામે હાલમાં ૧,૬૫૫ (૯૦.૬૮ ટકા) કુમારો હતાં. જયારે કન્યાઓની ૧,૦૨૦ની સંખ્યા સામે ૮૮૩ કન્યાઓ હાલમાં હતી. આમ કુમાર અને કન્યા બન્નેમાં માન્ય સંખ્યા કરતાં હાજર સંખ્યા ઓછી હતી.

છાત્રોની જાતિવાર (અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, બક્ષીપંચ અને અન્ય જાતિનાં છાત્રો) સંખ્યા નીચે મુજબ છે.

**છાત્રાલયમાં જાતિવાર છાત્રો :**

રાજયમાં સરકારશ્રી દ્વારા ચાલતા અનુસૂચિત જનજાતિનાં છાત્રાલયો માટે જાતિવાર પ્રવેશ આપવાનું ધોરણ નક્કી કરેલ છે. જે આ મુજબ છે.

| ક્રમ | જાતિ | ટકાવારીનું ધોરણ |
|---|---|---|
| ૧ | અનુસૂચિત જનજાતિ | ૬૫ ટકા |
| ૨ | અનુસૂચિત જાતિ | ૧૫ ટકા |
| ૩ | સામાજીક, શૈક્ષણિક અને આર્થિક પછાત વર્ગ | ૨૦ ટકા |

(આ.વિ.વિભાગ ઠરાવ ક્રમાંક પવછ-૧૫૮૬-૨૬૦૪-ઘ)

છાત્રાલયોમાં અનુસૂચિત જનજાતિનાં ૬૫ ટકામાંથી ૧૦ ટકા જગાઓ અનુસૂચિત જનજાતિમાં પછાતમાં પછાત ગણાતી કોલઘા, કોટવાળીયા, કાથોડી, સીદી, પઢાર, ડાંગી, ડુંગરી વિસ્તાર જાતિનાં વિદ્યાર્થીઓ માટેની છે.

આદિવાસી માટેના સરકારી છાત્રાલયમાં મોટે ભાગે અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓને જ પ્રાધાન્ય મળે છે. જયારે તેની સામે અનુસુચિત જાતિ, બક્ષીપંચ અને અન્ય જાતિનાં વિદ્યાર્થીઓને નિયમ મુજબ લેવામાં આવે છે. અભ્યાસ હેઠળનાં છાત્રાલયોમાં કઈ જાતિનાં બાળકો છાત્રાલયનો લાભ લે છે તેની માહિતી આપી છે.

## કોઠા નં.૩.૫

### અભ્યાસ કરતા છાત્રોની જાતિવાર સંખ્યા

| ક્રમ | જિલ્લો | તાલુકો | છાત્રાલય | માન્ય સંખ્યા | | | | | હાલની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | એસ. ટી | એસ. સી | બક્ષી | અન્ય | કુલ | એસ. ટી. | એસ. સી. | બક્ષી | કુલ |
| ૧ | વડોદરા | ૧. છોટાઉદેપુર | કુમાર | ૮૧ | ૭ | ૭ | - | ૯૫ | ૯૦ | ૪ | - | ૯૪ |
| | | ૨. છોટાઉદેપુર | કન્યા | ૯૮ | ૬ | ૫ | ૬ | ૧૧૫ | ૯૭ | ૫ | ૩ | ૧૦૫ |
| | | ૩. પાવીજેતપુર | કુમાર | ૬૮ | ૧૨ | - | - | ૮૦ | ૫૬ | ૬ | - | ૬૨ |
| | | ૪. ડભોઈ | કુમાર | ૯૮ | ૧૦ | ૨ | - | ૧૧૦ | ૮૫ | ૬ | - | ૯૧ |
| | | | | ૩૪૫ | ૩૫ | ૧૪ | ૬ | ૪૦૦ | ૩૨૮ | ૨૧ | ૩ | ૩૫૨ |
| ૨. | સાબરકાંઠા | ૫. ભિલોડા | કુમાર | ૫૦ | - | - | - | ૫૦ | ૩૪ | ૧ | ૩ | ૩૮ |
| | | ૬. હિંમતનગર | કન્યા | ૯૦ | - | ૫ | - | ૯૫ | ૭૨ | - | - | ૭૨ |
| | | ૭. મોડાસા | કુમાર | ૫૦ | - | - | - | ૫૦ | ૩૨ | - | - | ૩૨ |
| | | | | ૧૯૦ | - | ૫ | - | ૧૯૫ | ૧૩૮ | ૧ | ૩ | ૧૪૨ |
| ૩. | નવસારી | ૮. વાંસદા | કુમાર | ૬૦ | - | - | - | ૬૦ | ૬૦ | - | - | ૬૦ |
| ૪. | વલસાડ | ૯. ધરમપુર | કુમાર | ૯૭ | ૧ | ૨ | - | ૧૦૦ | ૯૭ | ૧ | ૨ | ૧૦૦ |
| | | ૧૦. વલસાડ | કુમાર | ૨૪૩ | ૭ | - | - | ૨૫૦ | ૨૧૦ | ૭ | - | ૨૧૭ |
| | | | | ૩૪૦ | ૮ | ૨ | | ૩૫૦ | ૩૦૭ | ૮ | ૨ | ૩૧૭ |
| ૫. | ભરૂચ | ૧૧. ભરૂચ | કુમાર | ૮૮ | ૨ | - | - | ૯૦ | ૪૯ | ૧ | ૫ | ૫૫ |
| | | ૧૨. ભરૂચ | કન્યા | ૯૯ | ૧ | ૫ | - | ૧૦૫ | ૯૬ | ૨ | - | ૯૮ |
| | | | | ૧૮૭ | ૩ | ૫ | - | ૧૯૫ | ૧૪૫ | ૩ | ૫ | ૧૫૩ |
| ૬. | સુરત | ૧૩. માંડવી | કુમાર | ૧૧૮ | ૨ | - | - | ૧૨૦ | ૧૧૦ | ૨ | - | ૧૧૨ |
| | | ૧૪. માંડવી | કન્યા | ૧૧૮ | ૨ | - | - | ૧૨૦ | ૧૧૮ | ૨ | - | ૧૨૦ |
| | | ૧૫. વ્યારા | કુમાર | ૧૦૬ | ૧ | ૩ | - | ૧૧૦ | ૧૦૬ | ૧ | ૩ | ૧૧૦ |
| | | ૧૬. વ્યારા | કન્યા | ૧૩૮ | ૩ | ૪ | - | ૧૪૫ | ૧૩૭ | ૩ | ૪ | ૧૪૫ |
| | | ૧૭. ચોર્યાસી | કુમાર | ૧૫૨ | ૮ | - | - | ૧૮૦ | ૧૫૨ | ૮ | - | ૧૬૦ |
| | | | | ૬૩૨ | ૧૬ | ૭ | - | ૬૫૫ | ૬૨૪ | ૧૬ | ૭ | ૬૪૭ |
| ૭. | આણંદ | ૧૮. આણંદ | કન્યા | ૮૦ | - | - | - | ૮૦ | ૮૦ | - | - | ૮૦ |
| ૮. | અમદાવાદ | ૧૯. અમદાવાદ | કન્યા | ૮૦ | - | - | - | ૮૦ | ૭૦ | - | - | ૭૦ |
| ૯. | ગાંધીનગર | ૨૦. ગાંધીનગર | કુમાર | ૧૪૯ | ૧ | - | - | ૧૫૦ | ૧૪૯ | - | - | ૧૪૯ |
| | | ૨૧. ગાંધીનગર | કન્યા | ૬૫ | - | - | - | ૬૫ | ૪૪ | - | - | ૪૪ |
| ૪. | વલસાડ | ૯. ધરમપુર | કુમાર | " | - |
| | | ૧૦. વલસાડ | કુમાર | " | - |
| ૫. | ભરૂચ | ૧૧. ભરૂચ | કુમાર | " | - |
| | | ૧૨. ભરૂચ | કન્યા | આરોગ્ય સમિતિ | - |
| ૬. | સુરત | ૧૩. માંડવી | કુમાર | " | ૧ વખત |
| | | ૧૪. માંડવી | કન્યા | " | ૧ વખત |
| | | ૧૫. વ્યારા | કુમાર | હેલ્થ વર્કર | - |
| | | ૧૬. વ્યારા | કન્યા | " | - |
| | | ૧૭. ચોર્યાસી | કુમાર | આરોગ્ય વિભાગ | - |
| ૭. | આણંદ | ૧૮. આણંદ | કન્યા | N.A. | - |
| ૮. | અમદાવાદ | ૧૯. અમદાવાદ | કન્યા | આરોગ્ય કેન્દ્ર | - |
| ૯. | ગાંધીનગર | ૨૦. ગાંધીનગર | કુમાર | " | - |
| | | ૨૧. ગાંધીનગર | કન્યા | " | - |
| ૧૦. | પાટણ | ૨૨. પાટણ | કુમાર | " | - |
| ૧૧. | નર્મદા | ૨૩. રાજપીપળા | કન્યા | " | - |
| ૧૨. | દાહોદ | ૨૪. ઝાલોદ | કુમાર | " | - |
| | | ૨૫. લીમખેડા | કન્યા | " | - |
| | | ૨૬. દાહોદ | કુમાર | " | - |
| | | ૨૭. દેવગઢબારીયા | કુમાર | " | - |
| | | ૨૮. દાહોદ | કન્યા | " | ૧ વખત |
| ૧૩. | પંચમહાલ | ૨૯. સંતરામપુર | કુમાર | " | - |
| | | ૩૦. સંતરામપુર | કન્યા | N.A. | - |
| | | કુલ | ૩૦ | ૨૮ સા.આ.કેન્દ્ર | ૨ અપ્રાપ્ય |
| | | ટકા | ૧૦૦.૦૦ | ૯૩.૩૩ | ૬.૬૭ |

અભ્યાસ હેઠળના કુલ ૩૦ છાત્રાલયો પૈકી ૨૮ (૯૩.૩૩ ટકા) છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, આરોગ્ય તપાસ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, આરોગ્ય સમિતિ, હેલ્થવર્કર તેમજ સરકારી કર્મચારી દ્વારા કરવામાં આવતી હતી. જયારે ૨ (૬.૬૭ ટકા) છાત્રાલયો આ પ્રશ્ને અનુત્તર રહ્યા હતાં.

છાત્રોની આરોગ્ય તપાસ અભ્યાસ હેઠળનાં કેટલાંક છાત્રાલયોમાં જરૂર પડે ત્યારે કેટલાકમાં મહિનામાં એક વખત તો કેટલાકમાં વર્ષમાં એક કે બે વખત આરોગ્ય તપાસ થતી હતી. ટૂંકમાં વિદ્યાર્થી ગંભીર માંદગીમાં ન સપડાય તેની ખાસ તકેદારી રાખવામાં આવતી હતી.

**ભોજનની ગુણવત્તા :**

વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય પૂર્ણ અને પૌષ્ટિક ભોજન મળે તે માટે સ્વચ્છતા, સફાઈ અને તાલીમ પામેલ રસોઈયાની અપેક્ષા રાખવામાં આવે છે. આ બાબતે વિદ્યાર્થીઓને અપાતા ભોજનની ગુણવત્તા વધે તે માટે લીલા અને તાજા શાકભાજી, કઠોળ, દૂધ વગેરે પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. તેમજ અનાજ અને કઠોળની જાળવણી રાખવી. આ ઉપરાંત કોઠારની સ્વચ્છતા જળવાય તે માટેની કાળજી રાખવી. તેમજ ભોજન માટેની વપરાતી તમામ વસ્તુઓ સારી અને સ્વચ્છ ગુણવત્તાવાળી ખરીદવી આવશ્યક છે. અભ્યાસ હેઠળનાં ૨ છાત્રાલયોમાં કોન્ટ્રાકટ પધ્ધતિથી રસોડા ચાલે છે.દા.ત. પારડી કુમાર છાત્રાલય અને આણંદ કન્યા છાત્રાલય.

અભ્યાસમાંના કેટલાંક છાત્રાલયોમાં છાત્રોને જમવા માટે કોન્ટ્રાકટ પધ્ધતિ સારી નહી હોવાનું જણાવે છે. કારણ તેમાં વાસણોની સ્વચ્છતા, ચોખ્ખા પાણીની વ્યવસ્થા તેમજ જમવા બેસવાનાં હોલમાં સ્વચ્છતા બાબતે કાળજી રખાતી નથી.

**છાત્રાલયની દિનચર્યા :**

છાત્રાલયમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી માટે આખા દિવસની પ્રવૃત્તિ કઈ રીતે કરવી, એ માટે દિનચર્યા ગોઠવેલી હોય છે. અભ્યાસ કરતાં છાત્રોની દિનચર્યા સમય પ્રમાણે નીચે મુજબ છે.

| સમય | દિનચર્યા પ્રવૃત્તિ |
|---|---|
| ૫-૩૦ | ઉત્થાન |
| ૫-૩૦ થી ૬-૦૦ | અંગત કામ |
| ૬-૦૦ થી ૬-૩૦ | પ્રાર્થના |
| ૬-૩૦ થી ૭-૦૦ | છાત્રાલયનાં કામો |
| ૭-૦૦ થી ૭-૩૦ | નાસ્તો |
| ૭-૩૦ થી ૮-૦૦ | કસરત |
| ૮-૦૦ થી ૯-૦૦ | સ્નાન વગેરે |
| ૯-૦૦ થી ૧૦-૦૦ | સ્વાધ્યાય |

| સમય | દિનચર્યા પ્રવૃત્તિ |
|---|---|
| ૧૦-૦૦ થી ૧૦-૩૦ | ભોજન |
| ૧૦-૩૦ થી ૧૭-૦૦ | કોલેજ |
| ૧૭-૦૦ થી ૧૭-૪૫ | અંગત કામો |
| ૧૭-૪૫ થી ૧૮-૩૦ | છાત્રાલયનાં કામો |
| ૧૮-૩૦ થી ૧૯-૧૫ | ભોજન |
| ૧૯-૧૫ થી ૨૦-૦૦ | પ્રાર્થના |
| ૨૦-૦૦ થી ૨૧-૩૦ | સ્વાધ્યાય |
| ૨૧-૩૦ થી ૫-૩૦ | શયન |

મોટાભાગનાં છાત્રાલયોનાં ઉપર મુજબની દિનચર્યાનું પત્રક હોય છે. ઘણા છાત્રાલયમાં છાત્રોને કોલેજનો સમય સવારનો હોવાથી દિનચર્યાના સમયમાં ફેરફાર થતો જોવા મળે છે. આમ છતાં છાત્રાલયની પ્રણાલિકાને અનુસરવા બાકીનાં કાર્યક્રમોમાં છાત્રો પોતાની અનૂકુળતા પ્રમાણે પ્રવૃત્તિમય રહેતા હોય છે.

## પ્રકરણ-૪

## છાત્રાલય : પ્રશ્નો, તારણો અને સૂઝાવો

આદિવાસી વિસ્તારમાં શિક્ષણનાં વિકાસમાં છાત્રાલયોનો ફાળો અમૂલ્ય છે. છેલ્લા છ-સાત દાયકાથી આદિવાસી શિક્ષણ ઉપર ખૂબજ ભાર દેવાય છે. છેલ્લા બે દશકમાં એનું સારું પરિણામ પણ દેખાય છે. જંગલ-પહાડી જેવાં આંતરિયાળ વિસ્તારોમાં આદિવાસી બાળકોમાં શૈક્ષણિક સુવિધાઓનાં અભાવને કારણે શિક્ષણથી તેઓ વંચિત ન રહી જાય માટે આઝાદી પછી આદિવાસી લોકોનાં આર્થિક, સામાજિક વિકાસ અર્થે સરકારે ઉચ્ચ શિક્ષણ પર ભાર મૂક્યો. આદિવાસી બાળકોમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધે તે માટે રાજય તરફથી આદિવાસી વિસ્તારોમાં છાત્રાલયો શરૂ કરવામાં આવ્યાં છે.

રાજયમાં મોટા ભાગનાં છાત્રાલયોનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા થાય છે. જયારે ૫૦ છાત્રાલયોનું સંચાલન રાજય સરકાર સીધુ જ કરે છે.

રાજયમાં આદિવાસી બાળકો માટે લગભગ છેલ્લાં ઘણા વર્ષોથી છાત્રાલયો ચાલે છે. છાત્રાલયોનાં સંચાલન વ્યવસ્થામાં પણ ધીમે ધીમે છતાં અમુક ચોક્કસ રીતે પરિવર્તનો આવી રહ્યાં છે. છાત્રાલયોના અભ્યાસ દરમ્યાન ઘણાં પ્રશ્નો જોવા મળ્યા. વોર્ડન, લેડી.સુપ્રિ., આસી.લેડી સુપ્રિન્ટેન્ડેન્ટે પણ પોતાની મુશ્કેલીઓ વર્ણવી છે. છાત્રાલય વ્યવસ્થા સાથે સંકળાયેલાં સરકારી અધિકારીઓ, કાર્યકરો તેમજ છાત્રોના સંપર્ક બાદ છાત્રાલયોનું સંચાલન વધારે સારૂ થઈ શકે તે માટે છાત્રાલય વ્યવસ્થા સંબંધી તેમજ તેનાં જુદા જુદા પાસાં સંબંધી ઘણું જાણવા મળ્યું. જેને સમજવા તેનાં વિવિધ વિભાગ પાડ્યા છે. જેમાં છાત્રાલયનાં ઉપસ્થિત પ્રશ્નો, એ માટેનાં શક્ય ઉકેલો, અભ્યાસનાં તારણો અને જે છાત્રાલયો કાર્યાન્વિત છે તેની વ્યવસ્થાને વધુ સુદ્રઢ કરવા માટેનાં કેટલાક સૂઝાવો રજૂ કર્યા છે. આ બધાનો અભ્યાસ કરી તેનો વ્યવહારિક ઉપયોગ કરવામાં આવશે તો છાત્રાલય સ્થાપના પાછળનો શૈક્ષણિક ઉત્કર્ષનો ધ્યેય પામવો સરળ બનશે.

છાત્રાલયના પ્રશ્નોની ચર્ચા કરીએ તે પહેલા છાત્રાલય એટલે શું ? તેની સંકલ્પના સમજવી જરૂરી છે. છાત્રના અભ્યાસકાળ દરમ્યાન તેને રહેવા-જમવાની સગવડ મળી રહે તેને છાત્રાલય ન કહી શકાય, છાત્રાલય એ તો વિદ્યાર્થીનું 'ઘરથી દૂર એક ઘર' છે. શાળા કૉલેજના આઠ કલાક સિવાયના સોળ કલાક વિદ્યાર્થી છાત્રાલયમાં વિતાવે છે, ત્યારે આ વ્યવસ્થા તેને શિક્ષણની સાથે જીવનલક્ષી કેળવણી આપતી હોવી જોઈએ. છાત્રાલયમાં વિદ્યાર્થી સમૂહજીવનના પાઠો શિખે છે, સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેનો ભેદ પારખી સારાસારનો વિવેક કેળવે છે, સ્વાવલંબી બને છે, સ્વાધ્યાયી બને છે. આ વ્યવસ્થા તેને પિતાનું અનુશાસન અને માતાની લાગણી-હુંફ આપતી બને તો છાત્રાલય એ નાગરિક ઘડતરની પોતાની પરિક્ષામાં પાસ થયુ તેમ ઠરે. આ વ્યવસ્થાનો પાયો એ વોર્ડન/લેડી સુપ્રિ., આસી.લેડી સુપ્રિ. છે. (જો કે આ શબ્દો થોડા ખૂંચે તેવા છે. છાત્રાલય એ ફક્ત નિયમોથી જકડાયેલ સંકુલ નથી, ત્યાં ગૃહપતિ કે ગૃહમાતા શબ્દ યોગ્ય લાગે છે) અમારા અનુભવ પરથી લાગે છે કે યોગ્ય વોર્ડન/લેડી.સુપ્રિ./આસી.લેડી.સુપ્રિ. ની પસંદગી - તાલીમ અતિ મહત્વની છે. આ વ્યવસ્થા માટે સમાજશાસ્ત્ર-માનસશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર જેવા બહુવિધ શાસ્ત્રોને ખપ પૂરતા પ્રયોજી શકે તે વ્યક્તિ સફળ બને તેમ દેખાય આવે છે.

**છાત્રાલય વ્યવસ્થાનાં પ્રશ્નો :**

**(૧) છાત્રાલયનું વાતાવરણ :**

છાત્રાલયમાં રહેતા છાત્રોનાં યોગ્ય ઘડતર માટે વાતાવરણ ખૂબજ મહત્વનું અંગ છે. વિદ્યાર્થી પોતાનું સઘળું છોડીને નવાં વાતાવરણમાં - છાત્રાલયમાં અભ્યાસ કરવા આવે છે. વિદ્યાર્થી માતા-પિતા અને કુટુંબનું પ્રેમાળ વાતાવરણ છોડી અપરિચિત વાતાવરણમાં તે શરૂમાં નિરુત્સાહી રહે છે. જેથી કરીને છાત્રાલયનું વાતાવરણ વિદ્યાર્થીઓને મા-બાપની હુંફ આપે તેવું હોવું જોઈએ. તેઓ પ્રત્યે પ્રેમભાવ તેમજ લાગણી ખૂબ જ જરૂરી છે. સાથે સાથે તેમની સાથેનાં વ્યવહારમાં પણ કોઈ ઉણપ ન દેખાવવી જોઈએ. મોટાભાગનાં છાત્રાલયોમાં દા.ત. ધરમપુર સરકારી કન્યા છાત્રાલય, ઝાલોદ કુમાર છાત્રાલય, વાંસદા કુમાર છાત્રાલય, ભરૂચ કુમાર છાત્રાલય તેમજ દેવગઢબારીયા કુમાર છાત્રાલય વગેરેમાં અભ્યાસ અનુરૂપ વાતાવરણ ન હતું. અભ્યાસમાંના કેટલાક છાત્રાલય જેમકે કન્યા છાત્રાલય હિંમતનગર, કુમાર છાત્રાલય ભિલોડા, કન્યા છાત્રાલય વડોદરા,કુમાર તેમજ કન્યા છાત્રાલય વલસાડ, કન્યા છાત્રાલય વ્યારા, માંડવી, કન્યા છાત્રાલય આણંદ, કુમાર તેમજ કન્યા છાત્રાલય સંતરામપુર, કન્યા છાત્રાલય લીમખેડા, કુમાર તેમજ કન્યા છાત્રાલય દાહોદ વગેરેને બાદ કરતાં અન્ય છાત્રાલયોમાં વાતાવરણ અનુરૂપ લાગતુ ન હતું. ભાડાનું મકાન અને તે પણ ગોડાઉન હોય, છાત્ર-છાત્રાઓનાં રૂમોની અવ્યવસ્થા, હવા-ઉજાસનો અભાવ, છાત્રાલયની બાજુમાં જ અન્ય કુટુંબોનો વસવાટ, બિન તાલીમી, અન્ય કાર્યભારથી લદાયેલા અને નિરુત્સાહી કાર્યકરો વગેરેની અસર છાત્રો ઉપર પડે છે. જેથી તેઓ નિરસતા અને બેચેની અનુભવે છે. જો આ સમયે વોર્ડન / આસી.લેડી. સુપ્રિન્ટેન્ડેન્ટ કે હાઉસ માસ્ટર તરફથી હૂંફ મળે તો છાત્ર પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધી શકે.

**(૨) છાત્રાલય જીવનમાં અનુભવાતી મુશ્કેલી :**

વિદ્યાર્થી છાત્રાલયમાં રહેવામાં અનુકૂળ થયાં પછી સમૂહજીવનના પાઠ ભણાવવા જોઈએ, જેમાં બધા સાથે રહેવું, પ્રાર્થના કરવી, જમવું, વાંચન કરવું, સ્વાવલંબી બનવું વગેરે પ્રવૃત્તિઓમાં અનુકૂળ ન બને તેવું પણ બનતું હોય છે.

બીજુ છાત્રાલયમાં આવનાર છાત્રો જુદા જુદા સમાજમાંથી આવતા હોવાથી જુદા જુદા સંસ્કાર, ભિન્ન-ભિન્ન ટેવો, વલણો, માન્યતાઓ અને વર્તન ધરાવતા હોવાથી સહજ રીતે વિદ્યાર્થીઓને ગમતું નથી.

**(૩) છાત્રાલયમાં નિવાસ :**

અભ્યાસમાં આવરેલ કેટલાક છાત્રાલયોમાં વિદ્યાર્થીઓ વ્યવસ્થિત રીતે રહી શકે તેવી સગવડનો અભાવ જોવા મળ્યો હતો. છાત્રોનાં નિવાસ માટેની રૂમોનાં પ્રમાણમાં છાત્રોની સંખ્યા જોતાં એક નાનાં રૂમમાં ૧૦ થી ૧૨ વિદ્યાર્થીઓને રાખવામાં આવતા હતા જે વ્યવસ્થા અભ્યાસ કરવા માટે અનુકૂળ ન હતી. દા.ત. પારડી, ઝાલોદ, ભરૂચ કુમાર છાત્રાલય, ધરમપુર કન્યા છાત્રાલયમાં આવું જણાયું હતું.




રસોડુ

વ્યારા કન્યા છાત્રાલય



રસોડુ

રાજપીપળા કુમાર છાત્રાલય

(૪) **ભૌતિક સગવડનાં પ્રશ્નો :**

છાત્રાલયમાં રહીને વિદ્યાર્થી અભ્યાસની સાથે સાથે જીવન ઘડતરની કેળવણી મેળવે તે હેતુસર સરકારે કેટલીક લઘુત્તમ ભૌતિક સગવડો નક્કી કરી છે. પરંતુ કેટલાક છાત્રાલયોમાં તેનો અભાવ જોવા મળ્યો હતો. અભ્યાસને અનુરૂપ મોકળાશવાળી રૂમોનો અભાવ હતો. જેમાં સ્વચ્છતાનો અભાવ, પૂરતા હવા-ઉજાસ તેમજ પીવાનું ચોખ્ખુ પાણી વગેરેનો અભાવ હતો. દા.ત. મોડાસા કુમાર છાત્રાલય, ઝાલોદ, પારડી, રાજપીપળા, દેવગઢબારિયાનાં છાત્રાલયોમાં ઉપરોક્ત દર્શાવેલ બાબતોનો અભાવ વર્તાતો હતો.

(૫) **ભોજનનાં પ્રશ્નો :**

મોટાભાગનાં છાત્રાલયોનાં ભોજનાલયમાં સ્વચ્છતા તેમજ પીવા માટેનાં ચોખ્ખા પાણીની વ્યવસ્થા જણાતી ન હતી. દા.ત. ભરૂચ, દેવગઢબારિયા, ઝાલોદ, ડભોઈ, રાજપીપળા વગેરે અનાજ, કઠોળ તેમજ રોજ વપરાશમાં લેવાતા લોટની પણ જાળવણી થતી ન હતી. ભોજનમાં પણ સ્વચ્છતા, સફાઈ અને વિવિધતાનાં અનેક પ્રશ્નો છે. આ ઉપરાંત કોઠારરૂમોમાં પણ પૂરતો કોઠાર ભર્યો ના હોય અને હોય તો પણ તેમાં અનાજ તદ્દન સડી ગયેલુ હોય તેવુ જોવા મળ્યુ. દા.ત. દેવગઢબારિયા, વાંસદા (કુમાર), રાજપીપળા. ભોજનનો કોન્ટ્રાકટ આપેલ હોય તેવા (છાત્રાલયોમાં) દા.ત. આણંદ (કન્યા) આહવા અને ગાંધીનગરનાં છાત્રાલયો જોવા મળ્યા.

શાકભાજી તાજુ અને સ્વચ્છ હોય તેવું જોવા મળ્યું ન હતું. દા.ત. સર્વેક્ષિત દેવગઢ બારીયા, વાંસદા કુમાર છાત્રાલય તેમજ રાજપીપળા કુમાર છાત્રાલયમાં આ બાબત જોવા મળી હતી. આ ઉપરાંત કોઠાર ભરવાનાં સાધનોમાં અનાજનાં પીપ કે ડબ્બાઓનાં ઉપરનાં ઢાંકણાંઓ પણ ઉપરથી તૂટી ગયેલાં અથવા તો કેટલાંક તો ઢાંકણાં વગરનાં જોવા મળ્યા હતાં. દા.ત. દેવગઢબારિયા, વાંસદા રસોઈયા પણ પોતાનાં કામના ભાગરૂપે અથવા ફરજરૂપે રસોઈ કરતાં પરંતુ તેમાં કોઈ ગુણવત્તા જણાતી ન હતી. જેની સાક્ષી વિદ્યાર્થીઓએ ભરેલા ફોર્મ કરે છે જેમાં લગભગ બધાજ વિદ્યાર્થીઓ ભોજનની ગુણવત્તાથી નારાજ જોવા મળ્યા હતા.

અભ્યાસ હેઠળના ભાડાના મકાનમાં ચાલતા લગભગ બધા જ છાત્રાલયોમાં ભોજનાલયની પૂરતી છૂટ જણાતી ન હતી. જેમકે ભોજન ખંડ અથવા તો (મોકળાશવાળું રસોડું) , વોશબેસીન, વાસણ માંજવાની જગ્યા તેમજ કોઠાર રૂમની વ્યવસ્થા છાત્રાલય અનુરૂપ ન હતી.

(૬) **સફાઈના પ્રશ્નો :**

છાત્રાલયમાં બાહ્ય સફાઈ ઠીક ઠીક સચવાય છે. છાત્રાલયની અંદર રૂમોની સફાઈ, સંડાસ-બાથરૂમ તેમજ ગેલેરીની સફાઈ છાત્રાલયમાં વસાવેલ વસ્તુઓની સફાઈ તરફ બેધ્યાન પણુ જોવા મળ્યું હતું. દા.ત. મોટાભાગનાં કુમાર છાત્રાલયોમાં પાનની પીચકારી ખૂબ સહજપણે જોવા મળતી હતી.આમાં રાજપીપળા કુમાર છાત્રાલયનો અત્રે ખાસ ઉલ્લેખ થઈ જાય છે. આટલી ગંદકીથી ખદબદતુ છાત્રાલય







કુમાર છાત્રાલય - રાજપીપળા
સફાઇ અને વાયરીંગની
અવદશા દર્શાવતી તસ્વીરો

બીજુ જોવા નથી મળ્યુ, ફક્ત એક પટાવાળા દ્વારા ચલાવાતા આ છાત્રાલયમાં સંડાસ બાથરૂમ સુધી પહોચવું જ અઘરું છે, કારણ કે તેના રસ્તા પર જ વિદ્યાર્થીઓ પેશાબ કરતા હતા, ભરાયેલા સંડાસ, તૂટેલું લાઈટફિટીંગ, કદી સફાઈ ન થયેલ મુતરડી જોઈ બસસ્ટોપ પરના જાજરૂ-મુતરડી સારા લાગે તેવી સ્થિતિ જોવા મળી હતી.

(૭) **આરોગ્યનાં પ્રશ્નો :**

સરકારશ્રીનાં નિયમાનુસાર છાત્રાલયમાં પ્રાથમિક સુવિધા માટે ફર્સ્ટએડ બોક્ષ આવશ્યક છે. આમ છતાં મોટાભાગનાં છાત્રાલયોમાં આ સુવિધાઓનો અભાવ જણાતો હતો, જેમકે ઝાલોદ, રાજપીપળા, વાંસદા, ડાંગ, દેવગઢબારિયા, ખેડબ્રહ્મા, ગાંધીનગર, વડોદરા (કુમાર) વગેરે.

આ ઉપરાંત અગાઉ દર્શાવ્યા મુજબ જાજરૂ, મૂતરડીની ગંદકી, આસપાસનું દુર્ગંધ મારતુ વાતાવરણ, ભોજનાલયમાં સ્વચ્છતાનો અભાવ, કોઠારમાં સફાઈની બેકાળજી વગેરેનાં કારણે છાત્રાલયમાં અનઆરોગ્યપ્રદ વાતાવરણ જોવા મળે છે. દા.ત. વલસાડ કુમાર છાત્રાલય, નવસારી કન્યા છાત્રાલય, વ્યારા કુમાર છાત્રાલય, માંડવી કુમાર છાત્રાલય, રાજપીપળા કુમાર છાત્રાલય, ઝાલોદ કુમાર છાત્રાલય તેમજ દેવગઢબારિયા કુમાર છાત્રાલયોમાં સ્વચ્છતાનાં અભાવના કારણે છાત્રોનું આરોગ્ય જોખમાય છે. જયાં ફર્સ્ટ એડ બોક્ષની વ્યવસ્થા છે ત્યાં તેની દરકાર રખાતી નહતી. વિદ્યાર્થીઓને કંઈ પણ મુશ્કેલી પડે તો તાત્કાલિક સારવાર માટે સરકારી કે ખાનગી હોસ્પિટલમાં સેવા અર્થે લઈ જવાની વ્યવસ્થા પણ સુદ્રઢ ન હતી.

વર્ષમાં વિદ્યાર્થીઓને એકવાર મેડીકલ ચેકઅપનાં કાર્યક્રમની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. જેથી કોઈપણ વિદ્યાર્થી ગંભીર માંદગીમાં ન સપડાય. મોટાભાગના છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની બિમારી વિશે વોર્ડન/લેડી.સુપ્રિ./આસી. લેડી.સુપ્રિ. જાણતા જ ન હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. બધાજ વિદ્યાર્થીઓ ખાનગી દવાખાના અથવા સરકારી દવાખાનામાંથી જાતે જ દવા લઈ આવે છે. અહીં વિદ્યાર્થી પ્રત્યે થોડી દરકાર રખાય તો વિદ્યાર્થી/વિદ્યાર્થીની વોર્ડન, આસી. લેડી.સુપ્રિ.ના હંમેશા માટે પ્રસંશક બનશે અને આ લોકોને કામ કરવુ સરળ બનશે.

અત્રે સુરત કુમાર છાત્રાલયની કામગીરી પ્રસંશનીય દેખાય છે. તેઓએ વાર્ષિક ચેકઅપ કેમ્પ કર્યો જેમાં ૧૦૦ વિદ્યાર્થીમાંથી ૧૪ વિદ્યાર્થીઓને સિકલસેલ એનીમીયા Positive જોવા મળ્યો જે ચોંકાવનારુ છે. આ વસ્તુને ગંભીરતાથી લઈ બધા જ છાત્રાલયોમાં ટેસ્ટ થાય તે જરૂરી દેખાય છે.

(૮) **અભ્યાસનાં પ્રશ્નો :**

વિદ્યાર્થીઓનો મુખ્ય ઉદેશ સારું શિક્ષણ મેળવવાનો હોય છે. છાત્રાલયમાં રહેતાં વિદ્યાર્થીઓને તેમનાં શૈક્ષણિક વિકાસ માટે સારી સગવડો આપવી જોઈએ. પરંતુ ભૌતિક સગવડોની ઊણપને કારણે તેમજ અન્ય અધ્યયન સામગ્રીનાં અભાવને કારણે તે વ્યવસ્થા સચવાતી ન હોય તેવું જણાતું હતું. મોટાભાગના છાત્રાલયોના પુસ્તકાલયોમાં વિદ્યાર્થીઓને અભ્યાસલક્ષી વાંચવાલાયક પુસ્તકો પૂરતા

વસાવ્યા ન હતા. આધુનિક શિક્ષણમાં દ્રશ્ય-શ્રાવ્ય સાધનોમાં ટેલિવિઝન, ટેપરેકોર્ડર તેમજ રેડિયાની સુવિધામાં માત્ર અભ્યાસ હેઠળનાં બે જ છાત્રાલયોમાં ટેલિવિઝન જોવા મળ્યા હતા. કેટલાક છાત્રાલયોમાં સંગીતનાં સાધનોની સુવિધા ઉપલબ્ધ હતી.દા.ત. સંતરામપુર (કન્યા કુમાર), હિંમતનગર (કન્યા), વલસાડ (કુમાર), લીમખેડા (કન્યા છાત્રાલય).

**(૯) કર્મચારીઓની મુશ્કેલી :**

છાત્રાલયનાં વોર્ડન તેમજ આસી.લેડીઝ સુપ્રિન્ટેન્ડેન્ટે છાત્રાલયના સંચાલનની ઘણીબધી જવાબદારીઓ નિભાવવાની હોય છે. જેવી કે છાત્રોનો પ્રગતિ અહેવાલ, છાત્રોને શિક્ષણ પરત્વે અભિરૂચી છે કે કેમ ? તેની નોંધ હાજરીપત્રક, કોઠારપત્રક, ડેડસ્ટોક રજીસ્ટર, મુલાકાતી રજીસ્ટર, છાત્રની પરીક્ષા સંબંધી રજીસ્ટર, છાત્રોને વસ્તુ વિતરણ રજીસ્ટર, કેશબુક વગેરે રજીસ્ટરો તૈયાર કરવાનાં હોય છે અને આ સાથે છાત્રાલય વ્યવસ્થા સંબંધી પ્રશ્નો જોવાના હોય છે. છાત્રાલય વ્યવસ્થા સંબંધી અમોને એવું દેખાયું કે આ બધી ભૂમિકા કે કામગીરી કરવામાં કર્મચારી પૂરતા સફળ થતા નથી.

**(૧૦)વહીવટનો પ્રશ્ન :**

મોટાભાગનાં છાત્રાલયો ઉપર કોઈની સીધી દેખરેખ હોય તો તે છાત્રાલયનાં વોર્ડન, આસી. લેડી.સુપ્રિ.ની છે. તેઓને છાત્રાલય સંચાલન સિવાય પણ અન્ય સ્થળે ફરજ બજાવવાની હોઈ, જેવીકે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, તકેદારી અધિકારીની કચેરીમાં કામગીરીમાં, અન્ય ચાર્જ તેમજ અન્ય કામગીરીમાંથી મૂક્ત ન થતાં હોવાનાં કારણે છાત્રાલયની વ્યવસ્થામાં પૂરતું ધ્યાન આપી શકતા નથી. દા.ત. અંબાજી, વિજયનગર, ખેડબ્રહ્મા, ઝાલોદ, દેવગઢબારીયા, પારડી, આણંદ વગેરે જિલ્લાનાં છાત્રાલયોમાં સીધી દેખરેખનો અભાવ સ્પષ્ટપણે જોવા મળે છે.

**(૧૧)વિદ્યાર્થીઓનાં પ્રશ્નો :**

સરકારી છાત્રાલયનાં અભ્યાસ દરમ્યાન ઉપરોક્ત દર્શાવેલ છાત્રાલય સંબંધી ઘણાં પ્રશ્નો જોવાં મળ્યાં જેમાં વિદ્યાર્થીઓનાં પણ કેટલાક પ્રશ્નો છે. તેની ઉપર કાર્યકરોનો વ્યવહારમાં આત્મીયતાનો અભાવ જોવા મળતો હતો. પારડી વિસ્તારનાં છાત્રાલયમાં છાત્રોને આપવામાં આવતું ભોજન બરાબર નથી. ઉપરાંત છાત્રાલયનાં વિદ્યાર્થીઓ સાથે નજીકનાં વિસ્તારમાં આવેલી આદર્શ નિવાસી શાળા તેમજ જેલનાં કેદીઓનું જમવાનું એક જ રસોડે થાય તેમજ દરરોજ બટાકાનું શાક જ આપે. રોટલી પણ ઘી ચોપડ્યા વગરની ક્યારેક કઢી બનાવે તો પણ બીલકુલ પાણી જેવી, આ બાબતે જો કોઈ ફરિયાદ કરે તો તેમને કાઢી મૂકવાની ધમકી આપે. ભોજનમાં પણ સફાઈનો અભાવ જોવા મળે. નીચેનાં કર્મચારી, પટાવાળા પણ સાહેબની જેમ વર્તે છે.સફાઈ માટે વ્યવસ્થિત ઝાડુ રાખતા હોય તેવું જોવા મળ્યું ન હતું.

અભ્યાસની બાબતે જોતાં મોટા ભાગનાં વિદ્યાર્થીઓ ઈતિહાસ ગુજરાતી, હિન્દી જેવા વિષય સાથે કોલેજ કરતાં જોવા મળ્યાં છે. પરંતુ તે વિષયનાં કોઈ પુસ્તકો છાત્રાલયમાં ન હતા.

રહેઠાણ અંગે જોતાં પારડીનાં છાત્રાલયમાં બે રૂમોની વ્યવસ્થા છે. જેમાં ૫૦ વિદ્યાર્થીઓની સંખ્યા હોઈ ૨૫ - ૨૫ની સંખ્યામાં બે રૂમો વિદ્યાર્થીઓને રહેવા માટે ફાળવવામાં આવ્યાં હતાં. જેમાં વિદ્યાર્થીઓની રહેવા અને અભ્યાસ માટેની કોઈ પણ પ્રકારની વ્યવસ્થા સચવાતી ન હતી.

વિદ્યાર્થીઓ તરફથી ઊભા થતાં પ્રશ્નોમાં કેટલાંક છાત્રાલયોમાં છોકરાઓ ધમાલ કરતાં હોય છે તેઓ વોર્ડનોને પણ મારે છે. દા.ત. ૧૯૯૯માં વડોદરા સરકારી કુમાર છાત્રાલયમાં આ બનાવ બન્યો હતો. આ હરકત હજુ પણ સમી નથી. તેમજ મહિલા સ્ટાફને છોકરાઓ હેરાન કરતા હતાં. અગાઉ પોલીસને બોલાવવી પડી હતી. આવા ગેરવર્તણુંકના કિસ્સાઓ પણ જોવા મળે છે. આ બધાના મૂળમાં સરકારી વ્યવસ્થાના ઉપયોગની આપણી બેદરકારી જવાબદાર છે. છાત્રાલયમાં શરૂઆતથી જ હક્કો જ અપાયા છે. વિદ્યાર્થીની કોઈ ફરજ જ નથી, નથી ગૃહકાર્ય, નથી હાજરીની વ્યવસ્થા, નથી વસ્તુને સાચવવાનો ભાવ, બધુ જ મફત છે અને સરકારે તો આ કરવું જ જોઈએ તે ભાવથી જ ઉપયોગ થાય છે જે સમગ્ર છાત્રાલય વ્યવસ્થાને ખોખલી કરી નાખવા માટે પૂરતુ ઈંધણ પુરુ પાડે છે.

**તારણો :**

સરકારી છાત્રાલયોના અભ્યાસ આધારિત તેમજ નિરીક્ષણનાં આધારે તારણો આ મુજબ છે.

(૧) રાજયમાં આદિવાસીઓ માટેના ૫૦ સરકારી છાત્રાલયો છે. જેમાં ૨૮ (૫૬.૦૦ ટકા) કુમાર અને ૨૨ (૪૪.૦૦ ટકા) કન્યા છાત્રાલયો ચાલે છે.

(૨) કુલ ૫૦ છાત્રાલયો પૈકી ૩૦ (૬૦.૦૦ ટકા) છાત્રાલયોની માહિતી મેળવી હતી. જ્યારે ૨૦ (૪૦.૦૦ ટકા) છાત્રાલયો જોવામાં આવ્યા છે.

(૩) અભ્યાસમાં આવરેલ ૩૦ છાત્રાલયો પૈકી ૧૮ (૬૦.૦૦ ટકા) કુમાર અને ૧૨ (૪૦.૦૦ ટકા) કન્યા છાત્રાલયો આવરી લેવાયા છે.

(૪) અભ્યાસ હેઠળનાં છાત્રાલયોમાં છાત્રોની માન્ય સંખ્યા ૨,૮૪૫ જાણવા મળી હતી. જેની સામે પ્રવેશ મેળવનાર છાત્રોની સંખ્યા ૨,૫૩૮ની જોવા મળી હતી. જે માન્ય સંખ્યા કરતા ઓછી છે.

(૫) કુલ છાત્રોમાં ૨,૪૧૯ (૯૫.૩૧ ટકા) અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓ જોવા મળ્યા છે.

(૬) અભ્યાસ હેઠળનાં છાત્રાલયોમાં વિદાર્થીઓને એક રૂમમાં રાખવાનાં ધોરણ અંગે જોતાં ૧૫ (૫૦.૦૦ ટકા)માં શૈક્ષણિક ધોરણ મુજબ, ૧૨ (૪૦.૦૦ ટકા)માં ઉંમર મુજબ તેમજ ૩ (૧૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓને અનુક્રમે જાતિ, ગામ તેમજ પ્રવાહ મુજબ રાખવામાં આવતા હતા.

(૭) સર્વેક્ષિત છાત્રાલયોમાં ૧૮ (૬૦.૦૦ ટકા) છાત્રાલયો સરકારી માલિકીનાં છે. જયારે ૧૨ (૪૦.૦૦ ટકા) છાત્રાલયો ભાડાનાં મકાનમાં ચાલે છે.

(૮) અભ્યાસ હેઠળનાં છાત્રાલયોમાં ૫૬૧ રૂમો પૈકી ૩૫૨ રૂમો વિદ્યાર્થીઓને રહેવા માટે ફાળવ્યા હતાં. અભ્યાસ દરમિયાન મળેલ માહિતી અનુસાર એક રૂમમાં સરેરાશ ૮.૫૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો.

(૯) સર્વેક્ષિત છાત્રાલયોમાં કુલ ૫૬૧ રૂમોની સુવિધા છે. જેમાં ઉપરોક્ત જણાવ્યા મુજબ ૩૫૨ રૂમો વિદ્યાર્થીઓને રહેવા માટે ફાળવ્યા હતા. બાકીનાં રૂમોનો ઉપયોગ રસોડું, કોઠાર, ભોજનાલય, કાર્યાલય, કર્મચારી નિવાસ, પ્રાર્થના ખંડ વગેરે માટે ફાળવ્યા હતા.






કુમાર છાત્રાલય -
વાંસદા
આતો છાત્રાલય છે
કે દુકાન?



અભ્યાસ દરમિયાન એવું જોવામાં આવ્યુ છે કે જ્યાં છાત્રાલયોનાં મકાન સરકારી છે ત્યાં વિદ્યાર્થીઓ માટે રહેવાની સુવિધા વધુ સારી હતી. એટલે કે સરકારી મકાન ધરાવતા છાત્રાલયોમાં રૂમદીઠ સરેરાશ કરતાં ઓછી સંખ્યામાં વિદ્યાર્થીઓ રહેતા હતા. પરંતુ આની સામે ભાડાના મકાનમાં વિદ્યાર્થીઓ માટે રહેઠાણ સુવિધા ઓછી હોવાથી સરેરાશ કરતાં વધુ સંખ્યામાં એક રૂમમાં વિદ્યાર્થીઓ રહેતા જોવા મળ્યા હતા.

(૧૦) સર્વેક્ષિત છાત્રાલયોમાં ૩૨૫ બાથરૂમ હોવાનું જણાયુ હતું. અહીં એવું જોવા મળ્યું છે કે સરકારી મકાનોમાં બાથરૂમની સુવિધા નિયત ધોરણ મુજબ હતી. જ્યારે ભાડાનાં મકાનમાં આ સુવિધાનું પ્રમાણ ઘણું જ ઓછું હતું. તેમાં પણ જે છાત્રાલયો કોમર્શીયલ સેન્ટરમાં ચાલે છે, તેમાં તો અન્ય દુકાનદારો તેમજ વિદ્યાર્થીઓ આ સુવિધાનો સંયુક્ત રીતે ઉપયોગ કરતાં જોવા મળે છે.

જાજરૂ માટેની વ્યવસ્થા પણ સુયોગ્ય દેખાઈ નહીં. જેમાં પ્રમાણની રીતે, સફાઈની રીતે અને સાચવણીની રીતે અભાવ વર્તાતો હતો. અભ્યાસનાં કેટલાંક છાત્રાલયોનાં બાથરૂમ, સંડાસમાં તૂટેલા નળને કારણે નળમાં પાણી આવતું ન હતું. જેને કારણે વિદ્યાર્થીઓને ઘણી બધી મુશ્કેલીઓ પડતી હતી.

(૧૧) અભ્યાસમાંના કેટલાક છાત્રાલયોમાં પાણીનાં નિકાલની વ્યવસ્થા જળવાતી ન હતી.

(૧૨) અભ્યાસમાં આવરેલ બધા છાત્રાલયોમાં પીવાના પાણીની વ્યવસ્થા હતી. આ વ્યવસ્થા પૈકી ૨૦ (૬૬.૬૭ ટકા) છાત્રાલયોમાં સ્વચ્છ પીવાનું પાણી મળતુ હતું, જયારે ૧૦ (૩૩.૩૩ ટકા) છાત્રાલયોમાં સ્વચ્છ પીવાનાં પાણીનો અભાવ હતો. જેને કારણે વિદ્યાર્થીઓનું આરોગ્ય જોખમાઈ શકે.

(૧૩) અભ્યાસ હેઠળનાં કેટલાંક છાત્રાલયોમાં વિદ્યાર્થીઓનાં મતે ભોજનની ગુણવત્તા જળવાતી ન હતી.

(૧૪) અભ્યાસ હેઠળનાં છાત્રાલયોમાં ભોજનની ગુણવત્તા, ઉપરાંત ભોજનાલય તેમજ કોઠાર વ્યવસ્થા પૂરતી સચવાતી ન હોય તેવું દેખાય છે.

(૧૫) વિદ્યાર્થીઓનો દૈનિક ભોજન, ભોજનની ગુણવત્તા તેમજ ભોજન પધ્ધતિ સામે ખૂબ જ અસંતોષ જોવા મળે છે.

(૧૬) જે ઉદ્દેશથી છાત્રાલયો શરૂ કર્યા તે ઉદ્દેશો પ્રમાણે ચાલતા ન હોય તેવું દેખાય છે.

(૧૭) સર્વેક્ષિત છાત્રાલયોમાં ૨૨ (૭૩.૩૩ ટકા) છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની પ્રાથમિક સારવાર માટે ફર્સ્ટ-એઈડ-બોક્ષ હતા જયારે ૮ (૨૬.૬૭ ટકા) છાત્રાલયોમાં આવી કોઈ વ્યવસ્થા ન હતી.

અભ્યાસ હેઠળનાં આહવા, ધરમપુર, વાંસદા, માંડવી, ભરૂચ, છોટાઉદેપુર, ડભોઈ તેમજ પાવીજેતપુરના છાત્રાલયોમાં ફર્સ્ટ-એઈડ-બોક્ષની સુવિધા ન હતી.

(૧૮) અભ્યાસમાં આવરેલ છાત્રાલયોમાંથી ૨૮ (૯૩.૩૩ ટકા) છાત્રાલયોમાં (આરોગ્ય વિભાગમાંથી) હેલ્થ વર્કરો દ્વારા વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરવામાં આવતી. જે તેમના જણાવ્યા અનુસાર વર્ષે એક કે બે વખત કરવામાં આવતી.

(૧૯) સર્વેક્ષિત છાત્રાલયો પૈકી ૧૦ (૩૩.૦૦ ટકા) છાત્રાલયોમાં વોર્ડન / આસી.લેડી. સુપ્રિ. રહેતા હતા, જ્યારે ૧૭ (૫૭.૦૦ ટકા) છાત્રાલયોમાં પૂરતી સુવિધાનો અભાવ તેમજ અંગત કારણોસર આ કાર્યકરો છાત્રાલયમાં રહેતા ન હતા, જ્યારે ૩ (૧૦.૦૦ ટકા) છાત્રાલયમાંથી આ બાબતે જવાબ મળેલ નથી.

(૨૦) વોર્ડન / આસી.લેડી. સુપ્રિ. હોવાના કારણે તેમની ભૂમિકા બજાવવામાં પૂરતો સમય ન રહેતો હોય તેવું જોવા મળે છે.

(૨૧) અભ્યાસ હેઠળનાં કેટલાંક છાત્રાલયોમાં સોલાર ફાનસ, સોલાર વોટર હીટર તેમજ માનવ ઉર્જા યંત્રની સુવિધા ઉપલબ્ધ હતી. પરંતુ તે ચાલુ હાલતમાં ન હતાં.

(૨૨) અભ્યાસ હેઠળનાં ૧૮ (૬૦.૦૦ ટકા) છાત્રાલયોમાં રમત-ગમતનાં મેદાનની વ્યવસ્થા હતી. જ્યારે ૧૨(૪૦.૦૦ ટકા) છાત્રાલયોમાં આ વ્યવસ્થા ન હતી.

(૨૩) સર્વેક્ષિત છાત્રાલયોમાં રહીને પૂર્વે (અગાઉ) અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં ઘણાં વિદ્યાર્થીઓ સારાં હોદ્દા ધરાવે છે. જેમ કે સુરત કન્યા છાત્રાલયમાં રહી અભ્યાસ કરનાર D.S., H.O. તરીકે ફરજ બજાવે છે. આ સિવાય પણ વકીલ, ડૉક્ટર, પ્રોફેસર, શિક્ષક તેમજ સરકારી કચેરીમાં ફરજ બજાવતા જોવા મળ્યા છે. તદ્‌ઉપરાંત રમત-ગમત ક્ષેત્રે નોંધપાત્ર દેખાવ કરનાર વિદ્યાર્થીઓ પણ જોવા મળે છે. દા.ત. પારડી કુમાર છાત્રાલયનો વિદ્યાર્થી આંતર યુનિવર્સિટી રમતોત્સવમાં સુંદર દેખાવ કરી હાલ આંતર રાજ્ય રમતોત્સવની તૈયારી કરી રહેલ જોવા મળ્યો હતો. ઉપરાંત રાજપીપળા કન્યા છાત્રાલયની એક છાત્રા પેરાશુટ જમ્પીંગ માટે રાષ્ટ્રીય સ્તરે પ્રથમ નંબરે આવી હતી.

**સૂઝાવો :**

છાત્રાલય સંબંધી સૂઝાવો બે વિભાગમાં વહેંચ્યા છે. (અ) સરકાર માટેનાં (બ) વોર્ડન આસી. લેડી. સુપ્રિ. માટેનાં,

**(અ) સરકાર માટેનાં સૂઝાવો :**

(૧) સમગ્ર આદિવાસી વિસ્તારોમાં આદિવાસી શિક્ષણનું પ્રમાણ વધ્યુ છે અને સ્તર પણ સુધર્યુ છે. એટલે છાત્રાલયને શિક્ષણનું અભિન્ન અંગ ગણી તેને વ્યવસ્થિત વિકસાવવા જોઈએ.

(૨) ગુજરાતનાં દરેક જિલ્લામા છાત્રાલયોનો વિકાસ વસતિ અને વિસ્તારને અનુરૂપ થાય તે ઈચ્છનીય છે ઉપરાંત શૈક્ષણિક કેન્દ્રો જેમકે આણંદ, વડોદરા, અમદાવાદ વગેરે વિસ્તારોમાં આવા છાત્રાલયો હોવા જરૂરી છે. જેથી આદિવાસી છાત્રને સુવિધા મળે અને શૈક્ષણિક તેમજ વિકાસનાં અન્ય આયામો જાણી શકે તેવો માહોલ મેળવી છાત્ર મહાત્વાકાંક્ષી બને.

(૩) આદિવાસી વિસ્તારનાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓને સંખ્યાને ખ્યાલમાં રાખી નવાં છાત્રાલયો ખોલવાં જોઈએ.

(૪) વિદ્યાર્થીઓ તેમજ વોર્ડન, હાઉસમાસ્ટર અને આસી. લેડી. સુપ્રિ. નાં નિવાસસ્થાન માટે તેમજ

અન્ય જરૂરી સાધનો માટે જરૂરી નાણાંકીય જોગવાઈ કરવી જોઈએ. વોર્ડન, હાઉસ માસ્ટર અને લેડી સુપ્રિ. નો નિવાસ છાત્રાલયમાં જ હોવો જોઈએ.

(૫) છાત્રાલયમાં કામ કરતાં વોર્ડન, હાઉસ માસ્ટર તેમજ આસી. લેડી. સુપ્રિ. ની નિમણૂંક તેમની શૈક્ષણિક લાયકાતને ધ્યાનમાં રાખી કરવી જોઈએ.

(૬) છાત્રાલય સારી રીતે ચલાવવા અંગેના નક્કી કરેલ નિયમોની વિસ્તૃત માહિતી દરેકને મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. છાત્રાલયની ખાસ ફાઈલમાં આ નિયમોની સૂચિ હોવી આવશ્યક છે.

(૭) છાત્રાલયમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પાયાની સગવડ પૂરી પાડી શકતા ન હોય, ખોટી રીતે હાજરી પૂરાતી હોય, નાણાંકીય હિસાબો યોગ્ય રીતે રખાતા ન હોય તેવાં છાત્રાલયોની ગંભીર રીતે નોંધ લેવી જોઈએ અને આ બાબતોને છાત્રાલયનાં સંચાલન માટે અનિવાર્ય સમજી યોગ્ય કરવાં ધ્યાનમાં લેવી જોઈએ. દા.ત. ડભોઈ, દેવગઢબારીયા, ઝાલોદ, રાજપીપળા, માંડવી તેમજ ધરમપુરના છાત્રાલયોમાં આ બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ.

(૮) છાત્રાલયનું નિરંતર નિરીક્ષણ થવું જોઈએ. જેમાં પીવાનાં પાણીની સ્વચ્છતા, રૂમોની સફાઈ પ્રાથમિક અને જરૂરી આરોગ્ય સેવા ઉપલબ્ધ છે કે કેમ ? તે જોવું જોઈએ.

(૯) કેટલાંક છાત્રાલયોમાં પીવાનાં પાણીની સુવિધા પૂરતી ન હોય તેવું જોવામાં આવ્યું તો આ બાબતે દરેક છાત્રાલયને પૂરતું અને સ્વચ્છ પાણી મળી રહે તે આવશ્યક છે.

(૧૦) છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે સારી રહેઠાણ વ્યવસ્થા તેમજ સુવા માટે પાટ, પાથરવા માટે શેતરંજી કે પથારી અને ઓશિકું મળવા જોઈએ. દા.ત. ધરમપુર અને ખેડબ્રહ્મા સરકારી કુમાર છાત્રાલયમાં આ વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં ઉભી કરવી જરૂરી છે.

(૧૧) છાત્રાલયના મકાનો ઘણી જગ્યાએ ખાસ્સા મોટા છે. જેમકે માંડવી, વ્યારા, વડોદરા, ડભોઈ. આ છાત્રાલયોમાં સફાઈ માટે એક જ કામદાર રાખવામાં આવે તો તે ન પહોંચી શકે તે સ્વાભાવિક છે. જયારે મોટાભાગે છાત્રો સફાઈ કામ માટે કામદાર પર જ નિર્ભર છે, જાતે સફાઈ કરવાની તેઓને ટેવ પાડવામાં નથી આવી, આથી સહેલો ઉપાય સફાઈ કામદારની સંખ્યા વધારવાનો છે. પરંતુ તેથી છાત્ર ઘડતરની પ્રક્રિયા અટવાશે. છાત્ર પોતાના નિવાસની સફાઈમાં જોડાય તે અતિ આવશ્યક છે તેમ બનવુ જ જોઈએ.

(૧૨) પ્રવેશનો ૫૦% નો નિયમ હળવો બનાવી ૪૦% સુધી અને આદિમજૂથ માટે ફક્ત પાસ થવાથી એડમીશનનો નિયમ રાખવો જેથી ભણતરમાં નબળા બાળકોને પણ ભણવાની તક ન ઝૂંટવાય અને તેમને માટે કારકીર્દી બનાવવાની તક ઉભી રહે.

(૧૩) વોર્ડન લેડી સુપ્રિ./આસી.લેડી સુપ્રિ.ને હાથ સિલક અમુક રકમ આપવી જોઈએ જેનો તેઓ સામાન્ય રીપેરીંગ, ઈંધણ માટે ગેસ વગેરેમાં ઉપયોગ કરી શકે.

(૧૪) કેટલાંક છાત્રાલયોમાંથી જાણવા મળ્યું હતું કે P.W.D. માં જાણ કરવા છતાં કોઈ કાર્ય નથી થતું તેના પ્રત્યુત્તરમાં વિભાગમાંથી ગ્રાન્ટ ન મળી હોવાથી કાર્ય થઈ શકે તેમ નથી તેવું જણાવે છે. દા.ત. દેવગઢબારીયા કુમાર છાત્રાલય તો મરામત કામને અગ્રતાક્રમે લેવી જોઈએ કારણ કે પરોક્ષ રીતે વિદ્યાર્થીના શિક્ષણ અને આરોગ્યને આની અસર થાય છે.

(૧૫) છાત્રાલયને ફરતી દિવાલ અથવા તારની વાડની વ્યવસ્થા હોવી જોઈએ.

(૧૬) કેટલાક વિસ્તારોમાં કુમાર છાત્રાલયો અને કન્યા છાત્રાલયો સામ સામે હોય છે. દા.ત. આણંદ, વલસાડ જેને કારણે છાત્રોનું ધ્યાન અભ્યાસમાં રહેતુ નથી. તો આ બાબતે ગંભીરતાપૂર્વક વિચારી વિદ્યાર્થીઓનાં યોગ્ય શૈક્ષણિક વિકાસ માટે કુમાર અને કન્યા છાત્રાલય વચ્ચે અંતર હોય તે અનિવાર્ય છે.

(૧૭) છાત્રાલયમાં વિદ્યાર્થીઓનાં મનોરંજન માટે વિવિધ રમતો - ઉત્સવ ઉજવણી જેવા કાર્યક્રમો થવા જોઈએ. વિવિધ સામયિકો, મેગેઝીનો, પુસ્તકોની વ્યવસ્થા થવી જોઈએ તેમજ શકય હોય ત્યાં ટી.વી.ની વ્યવસ્થા થવી જોઈએ.

(૧૮) વિદ્યાર્થીઓનાં યોગ્ય શિક્ષણ વિકાસ માટે છાત્રાલયો કેમ ચલાવવા ? તે માટે રાજયસ્તરનું સલાહ મંડળ ઉભું કરવું જરૂરી છે.

(૧૯) વિદ્યાર્થીઓના સારાં અભ્યાસ માટે છાત્રાલયમાં કોચિંગકલાસની વ્યવસ્થા હોવી જરૂરી છે.

(૨૦) છાત્રાલયમાં વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે જીવનપયોગી અન્ય કામોમાં અનુભવી બને તે માટે સહઅભ્યાસ પ્રવૃત્તિઓ જેવીકે સમૂહ પ્રાર્થના, ગૃહકાર્ય, સમૂહ ભોજન, પ્રવાસ, રમત-ગમત વગેરે પ્રવૃત્તિઓ થાય તે જોવું અતિઆવશ્યક છે.

(૨૧) વોર્ડન/ લેડી.સુપ્રિ./આસી.લેડી સુપ્રિ.ને અન્ય કામોમાંથી મૂક્ત કરવા જોઈએ. છાત્રાલયના કામમાં જ તેઓ સક્રિય રહે તે અતિ આવશ્યક છે.

(૨૨) છાત્રાલય માટે વોર્ડન / લેડી. સુપ્રિ./આસી. લેડી સુપ્રિ. જેવી કેડરમાં જ ભરતી-બઢતી- નિવૃત્તી થવી જોઈએ. કારકુની કામ કરતા માણસોને ગૃહપતિ તરીકે મુકી દેવામાં આવે છે પરંતુ તેઓ ફક્ત વહીવટી કામમાં માહીર છે, નહીં કે મનુષ્ય વર્તન-વ્યવહાર વ્યવસ્થાપનમાં, આ માટે નવી જ ભરતી થવી જોઈએ અથવા અમુક પસંદગીની વ્યક્તિઓને આ કેડરમાં રાખવા અને ઘડવા જોઈએ જે સમગ્ર નોકરી દરમ્યાન આજ સેવામાં રહે તે અતિ આવશ્યક અને અનિવાર્ય છે.

(૨૩) ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે જે તે જિલ્લામાં નવાં સરકારી છાત્રાલયો ખોલવાં જોઈએ.

(૨૪) સરકારી કન્યા છાત્રાલયમાં લેડી સુપ્રિન્ટેન્ડેન્ટ જ હોવા જોઈએ.

**(બ) વોર્ડન લેડી. સુપ્રિ. / આસી.લેડી સુપ્રિ. માટેનાં સૂઝાવો :**

(૧) વોર્ડન લેડી સુપ્રિ./ આસી. લેડી. સુપ્રિ. એ છાત્રોના મિત્ર તેમજ માર્ગદર્શક બનવું જોઈએ - ફોજદાર નહિ.

(૨) વોર્ડન લેડી સુપ્રિ. / આસી. લેડી. સુપ્રિ.નાં વાણી-વર્તન વ્યવહાર એટલે કે સમગ્ર વ્યક્તિત્વ નમૂનારૂપ હોવાં જોઈએ જેથી છાત્રો તેમાંથી શીખ લે.

(૩) તેઓએ છાત્રાલયમાં જ રહેવું જોઈએ અને છાત્રોના ભોજનાલય તેમજ અન્ય વ્યવસ્થા પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

(૪) છાત્રાલય જીવન એ વ્યક્તિત્વ ઘડવાની પ્રયોગશાળા છે. એટલે છાત્રોનાં જનેતા બનીને કામ કરવાનું છે તેમજ વિદ્યાર્થીઓમાં નવાં મૂલ્યો કેળવવાનાં કામ કરવાના હોય છે.

(૫) વોર્ડન આસી.લેડી. સુપ્રિ. તેમજ હાઉસ માસ્ટરે છાત્રો માટે શ્રધ્ધા અને વિશ્વાસનું પાત્ર બનવું જોઈએ જેથી છાત્રો ગેરવર્તન કરતાં અટકશે. આ માટે તેઓએ પોતે જાગૃત રહેવું પડશે.

(૬) છાત્રાલયમાં રહેનાર દરેક વિદ્યાર્થી છાત્રાલયનાં દરેક કામમાં મદદરૂપ થાય અને તેનામાં કાર્યદક્ષતા કેળવાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૭) ખાસ સંજોગોમાં છાત્રો માટે પરિસ્થિતિને અનુરૂપ શિક્ષાત્મક પગલાં પણ લેવાં જોઈએ.

(૮) છાત્રોમાં આરોગ્ય વિષયક તેમજ માંદગીનાં સમયે તેમની પૂરેપૂરી કાળજી રાખવી જોઈએ.

(૯) જો છાત્રાલયમાં રહેઠાણ વ્યવસ્થા ન હોય તો તેઓએ પણ જો કે આ વાત પણ બરોબરથી અંદર રહેવાની સુવિધા થવી જ જોઈએ. છાત્રાલયથી નજીકમાં નજીકના અંતરે રહેઠાણ રાખવું જોઈએ.

(૧૦) આદિવાસી વિસ્તારમાં દરેક સરકારી છાત્રાલય, પોતાનું મકાન ધરાવતા હોવા જોઈએ. જયાં સરકારી મકાન ન હોય અને ભાડાનું મકાન લેવાનું થાય, તો છાત્રાલય વ્યવસ્થાને અનુરૂપ, છાત્રાલય માટે શોભે તેવું, તેમજ પૂરતી પાયાની સુવિધા ધરાવતું હોવું જરૂરી છે.




છાત્રાલયનું પ્રાંગણ



# પરિશિષ્ટ-૧

## છાત્રાલય વ્યવસ્થા : અભિપ્રાય
## (વોર્ડન, લેડી સુપ્રિ. અને હાઉસમાસ્ટરની તાલીમ દરમ્યાન)

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં છાત્રાલય વર્તમાન શિક્ષણનાં પ્રશ્નો તેમજ છાત્રાલય સંચાલન સંબંધી વહીવટી પ્રક્રિયાનું સરળીકરણ બાબતે લેડી.સુપ્રિ.,વોર્ડન અને હાઉસમાસ્ટર માટે તાલીમ વર્ગ યોજવામાં આવ્યો હતો. તાલીમ બાદ છાત્રાલય વ્યવસ્થા સંદર્ભે તેમનાં તરફથી મળેલ અભિપ્રાય આ મુજબ છે.

**વાતાવરણના સંદર્ભમાં :**

છાત્રોના યોગ્ય ઘડતર માટે વાતાવરણનો ફાળો સવિશેષ છે.

છાત્રાલયમાં રહીને શિક્ષણ મેળવતો વિદ્યાર્થી છાત્ર પોતાના ઘરથી દુર એક નવા વાતાવરણમાં, નવી જગ્યાએ, નવિન વ્યક્તિઓ વચ્ચે આવે છે. જેથી છાત્રાલયમાં છાત્રને ભયમુક્ત વાતાવરણ મળે તેવા પ્રયત્નો હોવા જોઈએ. છાત્રોને શિક્ષણ પ્રત્યે અભિરૂચી રહે તે માટે સતત પ્રેરણા આપવી જોઈએ. છાત્રોની શિક્ષણને લગતી પરીક્ષાની પૂર્વ તૈયારી માટે વોર્ડનની ભૂમિકા, એક વડીલ તરીકેની હોવી જોઈએ. છાત્રો છાત્રોની વચ્ચેનો વ્યવહાર મિત્રતા અને લાગણી સભર હોવો જોઈએ. એક બીજા પ્રત્યે સહકારની ભાવના જાગૃત રહે તે માટે સમૂહપ્રાર્થના, સમૂહ ભોજન, સાંસ્કૃતિ પ્રોગ્રામ, સમૂહ પ્રવાસ તથા અન્ય છાત્રાલયોની મુલાકાત જેવા કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.

આમ છાત્રોના ઘડતરમાં વાતાવરણ તથા વોર્ડન ખૂબજ મહત્વનું અંગ છે.

છાત્રાલયમાં ભૌતિક સુવિધાઓ જેવી કે છાત્રોની રહેઠાણ વ્યવસ્થા, લાઈટ સુવિધા, પંખાની સુવિધા, બેડીંગ સેટની સુવિધા, પલંગની સુવિધા, વાંચન માટે ટેબલ/ખુરશીની સુવિધા, છાત્રોના સામાન મુકવા માટે કબાટની સુવિધા, છાત્રાલયમાં જમવા માટે ભોજનાલય તથા ડાયનીંગ ટેબલ/પાટલીની સુવિધા તેમજ જાજરૂ અને બાથરૂમની વ્યવસ્થા તથા સ્વચ્છતા જાળવવી જરૂરી છે.

**ભોજનાલયની વ્યવસ્થા :**

છાત્રાલયમાં છાત્રોને જમવા માટે સ્વચ્છ, સુઘડ ભોજનાલયની વ્યવસ્થા હોવી જોઈએ. છાત્રોને સ્વચ્છ, જીવાણુ રહિત તથા પૌષ્ટિક ભોજન મળવું જોઈએ. ભોજનાલયમાં ભોજન માટે સુંદર બેઠક વ્યવસ્થા હોવી જોઈએ. ભોજન બનાવવા માટે ગેસ/કોલસાની વ્યવસ્થા હોવી જોઈએ. છાત્રાલયોમાં પૂરતા પ્રમાણમાં સ્વચ્છ અનાજ, કરીયાણું હોવું જોઈએ. શાકભાજી સ્વચછ અને તાજુ હોવું જોઈએ. છાત્રોને લીલા શાકભાજી, કઠોળ, દૂધ વગેરે પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

પીવાના સ્વચ્છ પાણીની વ્યવસ્થા હોવી જરૂરી છે. ગેસ તેમજ રસોડાઓની ગોઠવણી અને વાસણોની સ્વચ્છતા રાખવી જોઈએ. તેમજ વિદ્યાર્થીઓ માંદા પડે નહીં તેની ખાસ કાળજી રાખવી જરૂરી છે. રસોડામાં અનાજ, કઠોળ તેમજ લોટની જાળવણી રાખવી. તેમજ કોઠારમાં જંતુનાશક દવાઓ છાંટી સ્વચ્છતા જાળવવી જોઈએ.

**આરોગ્યવર્ધક બાબતો :**

વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક સારવારનું બોક્સ રાખવું જરૂરી છે. જેથી તાત્કાલિક સારવાર થઈ શકે. વધુ મુશ્કેલી જણાય તો સરકારી હોસ્પિટલમાં તથા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલીએ છીએ.

વર્ષમાં એકવાર મેડીકલ ચેક-અપનો પણ કાર્યક્રમ રાખવો જોઈએ. ટૂંકમાં વિદ્યાર્થી ગંભીર માંદગીમાં ન સપડાય તેની તકેદારી રાખવી આવશ્યક છે.

છાત્રાલયમાં ફર્સ્ટ એઈડ બોક્સની સુવિધા ઉપરાંત પ્રાથમિક ઉપચાર માટેની જરૂરી દવા/ગોળીઓ મેડીકલ ઓફિસર અથવા સ્થાનિક તબીબનું માર્ગદર્શન મેળવી વસાવવી જોઈએ. છાત્રાલયના સંડાસ/બાથરૂમની તથા છાત્ર નિવાસની નિયમિત સફાઈ થવી જોઈએ. પીવાનું પાણી શુધ્ધ મળે તે માટે પાણી શુધ્ધીકરણની વ્યવસ્થા હોવી જોઈએ. છાત્રોને શારીરિક કસરત કરવા માર્ગદર્શન આપવું જોઈએ તથા રમતગમત પ્રત્યે અભિરૂચી વધે તે માટે માર્ગદર્શન આપવું જોઈએ.

છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓાં આરોગ્ય બાબત ખાસ કાળજી રાખવી. તેઓમાં ખસ, ખુજલી જેવા ચામડીના સંસર્ગજનક રોગો ઉત્પન્ન ન થાય પાચનજન્ય રોગો ન ઉદ્ભવે તેની કાળજી રાખવી જોઈએ. મચ્છર માંકડનો ઉપદ્રવ ન થાય તેની કાળજી રાખવી.

આરોગ્ય વર્ધક બાબતોમાં ખાસ કરીને છાત્રોએ સ્વચ્છતા અને ચુસ્ત નિયમોનું પાલન કરવું જરૂરી છે. દરરોજ સ્નાન કરવું જોઈએ એવા ખ્યાલ તેમના મનમાં બેસાડવો જરૂરી છે. વપરાશના કપડાં નિયમિત ધોવાવાં જોઈએ. આ ઉપરાંત ભૌતિક વ્યવસ્થા અને સાત્વીક ભોજન મળવું જરૂરી છે. આરોગ્યની બાબતમાં નિયમિત કસરત તેમજ યોગ સાધના જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જરૂરી છે.

**છાત્રાલયના વિદ્યાર્થીની દૈનિક પ્રવૃત્તિઓ (દિનચર્યા) :**

છાત્રાલયના છાત્રો માટે નીચે પ્રમાણેનો દૈનિક કાર્યક્રમ છે.

| | | |
|---|---|---|
| ઉત્થાન | : | ૫-૪૫ કલાકે |
| પ્રાર્થના | : | ૬-૦૦ કલાકે |
| સ્નાન તથા શૌચક્રિયા | : | ૬-૪૫ થી ૮-૪૫ |
| કોલેજમાં જ વાની તૈયારી | : | ૯-૦૦ થી ૯-૨૫ |
| ભોજન બપોરનું | : | ૯-૩૦ થી ૧૧-૦૦ |
| બપોરે કોલેજ | : | ૧૧-૦૦ થી ૧૭-૦૦ |
| રમત-ગમત | : | ૧૭-૦૦ થી ૧૯-૦૦ |
| ભોજન સાંજનું | : | ૧૯-૦૦ થી ૨૦-૦૦ કલાકે |
| શયન | : | ૨૨-૩૦ થી ૫-૪૫ સુધી |

આ પ્રકારના દૈનિક કાર્યક્રમ પ્રમાણે છાત્રોની કામગીરી થાય છે. દૈનિક કાર્યક્રમને લીધે દરેક વિદ્યાર્થી સમયપાલનમાં રસ કેળવતા થયા છે.

છાત્રાલયમાં રહેતા છાત્રોને નિયમબધ્ધ બનાવવા માટે તેઓને દિનચર્યાનું પાલન કરવા અંગે માર્ગદર્શન આપવું જોઈએ. છાત્રોને સવારે ક્યારે ઉઠવું, ઉઠીને શયન સુધીની પ્રવૃત્તિઓ જેવી કે પ્રાર્થના,

ભજન, વ્યાયામ, યોગ, ભોજન, વાંચન, અભ્યાસ, રમતગમત વગેરેમાં સમયબધ્ધ રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ માટે સમયબધ્ધ ટાઈમ ટેબલ બનાવવું જરૂરી છે. જેમકે સવારમાં ઉઠીને બ્રશ કરવું, ન્હાવું, ધોવું, સમૂહમાં પ્રાર્થના, ભજન, વ્યાયામ, ભોજન, વાંચન, અભ્યાસ, રમત-ગમત વગેરે પ્રવૃત્તિઓ નિયત સમયે કરાવવા માટેનું આયોજન કરવું જરૂરી છે. જેથી છાત્રો સમયબધ્ધ, શિસ્તબધ્ધ બને.

**છાત્રાલય વ્યવસ્થા અંગેના પત્રકો :**

જેમકે હાજરીપત્રક (કર્મચારી તથા છાત્રોનું), કોઠારપત્રક, ડેડસ્ટોક રજીસ્ટર, મુલાકાતી રજીસ્ટર, છાત્ર પરીક્ષા સંબંધી રજીસ્ટર, વસ્તુ વિતરણ રજીસ્ટર, કેશબુક વિગેરે રજીસ્ટરો નિભાવવા જોઈએ.

**છાત્રાલયના સંચાલન સિવાયની અન્ય જરૂરિયાતો :**

વોર્ડન તરીકે છાત્રાલયના સંચાલન સિવાય પણ ઘણી બધી જવાબદારીઓ નિભાવવાની હોઈ છે, જેમકે છાત્રાલયમાં રહેતા છાત્રોનો શિક્ષણની પ્રગતિનો ગ્રાફ કેવો છે, છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા છાત્રો શિક્ષણ મેળવવાના ધ્યેયથી રહે છે. તે ધ્યેય હાંસલ કરવામાં કેટલો ઉત્સુક છે, કેટલો પ્રગતિશીલ છે, જે બાબતની જાણકારી રાખવી જરૂરી છે. તેમજ છાત્રને શિક્ષણ પ્રત્યે અભિરૂચી કેળવાય અને છાત્રો શિક્ષણમાં પ્રગતિ હાંસલ કરે તે અંગે સતત માર્ગદર્શન આપવું જોઈએ. અઠવાડિયામાં એકવાર છાત્રોની બેઠક બોલાવવી જોઈએ. બેઠક બોલાવી છાત્રોને પોતાની જવાબદારી, શિક્ષણ શા માટે જરૂરી છે, તેમજ ધોરણ-૧૨ પછી કયા કયા અભ્યાસક્રમો છે, કઈ વિદ્યાશાખામાં જવું જોઈએ. ગ્રેજયુએટ/પોસ્ટ ગ્રેજયુએટ પછી અભ્યાસના કયા કયા ક્ષેત્રો છે, કયા ક્ષેત્રમાં જવું જોઈએ. કોમ્પ્યુટર અને ટેકનોલોજી યુગમાં કોમ્પ્યુટર તથા ટેકનોલોજી ક્ષેત્રનું કેટલું મહત્વ છે તે અંગે યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ. જરૂર પડે તજજ્ઞોને બોલાવી જરૂરી માર્ગદર્શન છાત્રોને અપાવવું જોઈએ. તે અંગે જરૂરી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. શિક્ષણ સિવાય પણ છાત્રોને ઘણું શિખવવાનું હોય છે. છાત્રોમાં સારાં સંસ્કારનું સિંચન થાય, સારાં આચાર-વિચાર, વ્યવહારિક જ્ઞાન અંગે જરૂરી માર્ગદર્શન આપવું જોઈએ. ટૂંકમાં છાત્રોના સર્વાંગી વિકાસ માટે સતત કાળજી રાખવી તથા સમયે સમયે જરૂરી માર્ગદર્શન આપવું જોઈએ.

વોડને છાત્રોના ગુરૂ, ગાઈડ તથા ગાર્ડનર તરીકે ફરજ બજાવવાની છે. છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ અભ્યાસમાં બરાબર ધ્યાન આપે છે કે કેમ તેની અભ્યાસ પ્રત્યે રૂચિ કેળવવી, તેમનું રીઝલ્ટ ઉચું આવે તેવા પ્રયત્નો કરવા, છાત્રો સાથે અઠવાડિક મિટીંગ કરી છાત્રોને વધુ સખત મહેનત કરી વધારે ઉંચી ટકાવારી મેળવી સારી લાઈન લઈ ઉચ્ચ શિક્ષણ મેળવી આદિવાસી વિદ્યાર્થીઓ પોતાનું જીવનધોરણ ઉચું બને, તેમનો તથા તેમના સમાજનો વિકાસ કરે તેવા પ્રયત્નો કરે. દરેક વોર્ડને તેવા પ્રયત્નો કરવાના હોય છે.

સમગ્રતઃ સરકારી છાત્રાલયોની સંચાલન વ્યવસ્થામાં સુસંગતતા જળવાય એ આવશ્યક છે.

# સંદર્ભ સૂચિ


| | | | |
|---|---|---|---|
| (૧) | ઉપાધ્યાય ચંદ્રકાન્ત | રાજયમાં આવેલ અનુસૂચિત જનજાતિની આશ્રમશાળાઓનો મૂલ્યાંકન અભ્યાસ | ૧૯૯૨ |
| (૨) | ઉપાધ્યાય ચંદ્રકાન્ત<br>ભટ્ટ ગિરીશ | ગુજરાત રાજયમાં અનુદાન મેળવતાં આદિવાસી છાત્રાલયો (એક મૂલ્યાંકન અભ્યાસ) | ૧૯૮૭ |
| (૩) | દવે જુગતરામભાઈ | આત્મરચના અને આશ્રમી કેળવણી | |
| (૪) | ભટ્ટ નાનાભાઈ | ગૃહપતિને | |
| (૫) | Census of India | Primary Census - Abstract | 2001 |